

# ગુજરાતની ભાજપ સરકાર સામે
# કોંગ્રેસનું તહોમતનામું








# ગુજરાતની ભાજપ સરકાર સામે
# કોંગ્રેસનું તહોમતનામું

સાવ સાદી સમજ ધરાવતી વ્યક્તિ પણ સમજી શકે તેવી વાત સુજ્ઞ ગુજરાતીઓ સારી રીતે સમજી ચુક્યા છે કે જ્યારે એક એન્જીન ફેઈલ થઈ જાય ત્યારે જ અટવાયેલી ગાડીને આગળ વધારવા બીજું એન્જીન લગાવવું પડે. આ પરિસ્થિતિમાં 'ડબલ એન્જીન સરકાર'ના નારા સાથે ભાજપ સ્વાભાવિક રીતે જ એક એન્જીન ફેઈલ ગયાનો સ્વીકાર કરે છે.

છેલ્લા ત્રણ દાયકામાં સરેરાશ ગુજરાતી શું પામ્યો ? ભૂખ, ભય અને નિર્દયી શાસન, મોરબીની દુર્ઘટના હોય કે પાટણની કન્યાઓનું જાતીય શોષણ હોય કે આશારામના આશ્રમમાંથી બાળકો ગુમ થવાની ઘટના હોય કે પછી ''એક અવાજે મડદા બોલ્યા, સબ કુલ ચંગા-ચંગા, રાજ તમારા રામરાજમાં શબવાહિની ગંગા.''

નોટબંધીની લાંબી કતારોમાં મૃત્યુ પામતા વૃદ્ધ હોય કે જી.એસ.ટી.ની જાળમાં ફસાયેલા નાના વ્યાપારી હોય કે આત્મહત્યા કરતો ખેડૂત, ગુજરાત રાજ્યના છેલ્લા ત્રણ દાયકા સતત પ્રજાવિરોધી શાસન અને ગેરવહીવટથી કલંકિત રહ્યા છે. પૂજ્ય બાપુએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠ જેવી પવિત્ર સંસ્થા પર અપવિત્ર રીતે કબ્જો જમાવવો કે બિલ્કિશબાનો કેસના નરાધમોને ગેરબંધારણીય રીતે છોડી મૂકીને તેમનું સન્માન કરવું એ ગુજરાતની છબીને કલંકિત કરી રહ્યા છે. ગણ્યાગાંઠ્યા સાનુકૂળ ઉદ્યોગપતિઓને સરકારી તિજોરીના ભોગે વધુ ન્યાલ કરવા, રાજ્યના અર્થતંત્રને ખાડે નાંખવું, ગરીબીમાં વધારો, શિક્ષણનું વ્યાપારીકરણ, મહિલાઓની અસલામતી, અનુસૂચિત જાતી અને જનજાતિના લોકો સાથે સતત દુર્વ્યવહાર અને ઉપેક્ષા, આ બધી ભાજપની સિદ્ધિઓ છે.

આવો, આપણે સૌ સાથે મળીને, જેમાં પ્રજાનું કોઈ સ્થાન જ નથી તેવા ભાજપના આ પ્રજાવિરોધી કુશાસનને જાકારો આપીએ અને પ્રજા માટેની અને પ્રજા દ્વારા ચાલતી એવી કોંગ્રેસની સરકારને સત્તાસ્થાને લાવીએ અને પૂજ્ય બાપુના અને સરદારના ગુજરાતને ફરીથી એક વખત ઉન્નત મસ્તક બનાવીએ.

અત્યાર સુધી વિશ્વભરમાં માનવી બે પ્રકારની આપત્તિઓનો ભોગ બનતો આવ્યો છે. એક કુદરતી આપત્તિ અને બીજી માનવ સર્જિત આપત્તિ, પરંતુ છેલ્લા અઢી દાયકાથી ગુજરાતના પ્રજાજનો એક ત્રીજી ભાજપ સર્જિત આપત્તિનો ભોગ બની રહ્યા છે. મોરબીના ઝુલતા પુલની દુર્ઘટનામાં ૧૩૬ થી વધુ લોકોએ જીવ ગુમાવવા પડ્યા તેના માટે માત્ર અને સીધી રીતે ભાજપ અને તેના મળતિયાઓ જવાબદાર છે તે તો હવે સાવ સ્પષ્ટ થઈ ગયું છે.

# ૧. ભાજપ શાસન હેઠળ આર્થિક ગેરવહીવટ

## કોંગ્રેસ સરકારો હેઠળ સમૃદ્ધિ

કોંગ્રેસ પક્ષે ઔદ્યોગિક અને સમૃદ્ધ ગુજરાતનો પાયો નાંખ્યો હતો.

૧૯૯૪-૯૫માં એટલે કે કોંગ્રેસનાં શાસનના છેલ્લા વર્ષમાં ગુજરાતનો વૃદ્ધિ દર ૧૮ ટકા હતો. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ સર્વોચ્ચ વૃદ્ધિ દર હતો.

કોંગ્રેસ સરકારોની નીતિઓનું લક્ષ્ય સર્વસમાવેશક વિકાસનું હતું. સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવતા ઉદ્યોગ સાહસિકોને આ નીતિઓથી પારાવાર લાભ થયો હતો.

- **૧૯૮૦થી કોંગ્રેસની સરકારોએ ઔદ્યોગિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જેના ફલસ્વરૂપે લઘુ-કક્ષાના ઉદ્યોગોની (એસએસઆઈ) સંખ્યામાં જબરદસ્ત વધારો થયો હતો.**
- **૧૯૮૦ થી ૧૯૯૦ દરમિયાન ગુજરાતમાં લઘુકક્ષાના ઉદ્યોગોની સંખ્યા બમણાંથી વધી ગઈ હતી અને લઘુકક્ષાના ઔદ્યોગિક એકમોની સંખ્યા ૪૩,૭૧૨ હતી તે વધીને ૧,૧૫,૩૮૪ એકમો થઈ હતી.**
- **૧૯૮૦ થી ૨૦૦૦ વચ્ચે ફેક્ટરીઓની સંખ્યા પણ બમણી થઈ હતી.**

## અર્થતંત્રની નબળી કામગીરી :

જ્યારે કોંગ્રેસે સત્તા છોડી ત્યારે ભારતની વિકાસગાથામાં ગુજરાત એક સર્વોચ્ચ તારાંકિત રાજ્ય હતું. ભાજપ સરકારોની ધનિકો તરફી અને કલ્યાણ-વિરોધી નીતિઓએ પ્રભાવક વિકાસ અને વૃદ્ધિને સ્થગિત કરી દીધી હતી. ભાજપની અત્યાર સુધીની સરકારો હેઠળ રાજ્યએ તેનું વિકાસ પ્રેરકબળ ગૂમાવી દીધું છે. નોટબંધી અને ઉતાવળે અમલમાં મૂકાયેલ જીએસટીના બેવડા ફટકાથી રાજ્યનાં અર્થતંત્રની હવા નીકળી ગઈ છે.

- **૨૦૨૦-૨૧માં ગુજરાતે ૧.૩૫ ટકાનો નકારાત્મક વૃદ્ધિ દર નોંધાવ્યો હતો.**
- **ગુજરાત ૨૦૧૭-૧૮થી બેવડા આંકમાં વૃદ્ધિ દર હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યું છે તે વાત આશ્ચર્યજનક રીતે નોંધનીય છે.**
- **માથાદીઠ આવકના મામલે જ્યારે અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની તુલના કરીએ છીએ ત્યારે રાજ્યનું રેન્કિંગમાં છઠ્ઠા ક્રમે છે.**

## રોકાણકારોમાં વિશ્વાસનો અભાવ :

ભાજપના આર્થિક ગેરવહીવટનાં કારણે રાજ્યમાં મૂડીરોકાણ કરવા માટે રોકાણકારોએ વિશ્વાસ ગૂમાવી દીધો છે. સરકાર ગુજરાતની તાકાત અને ક્ષમતા પર ગુજરાતમાં મૂડી લાવવામાં અને રોકાણને આકર્ષે તેવો માહોલ સર્જવામાં સરિયામ નિષ્ફળ ગઈ છે. બિઝનેસ-ગૃહો હવે મોટા પ્રોજેક્ટસ સ્થાપવા માટે અન્ય સુશાસિત રાજ્યો તરફ દોરવાઈ રહ્યાં છે.

- **૨૦૧૬-૧૭માં બેંકો દ્વારા મંજૂર કરવામાં આવતા પ્રોજેક્ટ્સ-ખર્ચમાં ગુજરાતનો એક-ચતુર્થાંશ હિસ્સો હતો.**
- **૨૦૨૧-૨૨માં આ હિસ્સો અડધો થઈને ૧૧.૯ ટકા સુધી ગબડી ગયો.**
- **આજ સમયગાળા દરમિયાન રાજસ્થાનનો હિસ્સો ત્રણ ગણાં કરતાં વધુ વધીને ૨.૮ ટકાથી ઉછળીને ૧૩.૩ ટકા થઈ ગયો.**

## વધતી જતી ગરીબી : પરિવારોની કંગાળ અને કફોડી હાલત :

એક વાત સારી રીતે પ્રસ્થાપિત થઈ ચૂકી છે કે કોંગ્રેસ શાસિત યુપીએ સરકારે કરોડો લોકોને ગરીબીમાંથી બહાર લાવીને તેમના ઉત્કર્ષમાં મદદ કરી છે. તાજેતરના વર્ષોમાં ગરીબીમાં વધારાનો ચિંતાજનક પ્રવાહ જોવા મળ્યો છે. વર્લ્ડ બેંકના એક અભ્યાસમાં નોંધ લેવામાં આવી છે કે કોરોના મહામારી બાદ સાત કરોડ લોકો ગરીબીમાં ધકેલાઈ ગયા છે અને તેમાંથી ૫.૬ કરોડ લોકો ભારતીયો છે. ગુજરાતમાં પણ ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની સંખ્યામાં તીવ્ર વધારો થઈ રહ્યો છે.

- રાજ્ય સરકાર અનુસાર ગુજરાતમાં ૩૧.૫ લાખ કરતાં વધુ પરિવારો ગરીબી રેખા નીચે જીવી રહ્યા છે.
- જો આપણે એક પરિવારમાં પાંચ સભ્યોની ગણતરી કરીએ તો તેનો અર્થ એ થાય છે કે, ૧.૫ કરોડ કરતાં વધુ ગુજરાતીઓ બીપીએલ (બિલો પોવર્ટી લાઈન-ગરીબી રેખા નીચે) તરીકે વર્ગીકૃત થયા છે, જે દર્શાવે છે કે ગુજરાતમાં ૨૩ ટકા ગરીબી છે.
- ગઈસાલ બીપીએલની યાદીમાં ૨,૫૫૬ પરિવારો ઉમેરાયા હતા અને માત્ર બે જ પરિવારો તેમાંથી બહાર આવ્યા હતા. આ બતાવે છે કે રાજ્યમાં આર્થિક દુર્દશા વ્યાપક છે અને સરકાર જરૂરતમંદોને સહાય કરવામાં નિષ્ફળ ગઈ છે.

# ભાવ વધારાએ લોકોને હાડમારીમાં મૂકી દીધા છે :

## ઇંધણના ભાવ આસમાને : સામાન્ય લોકો પર કરવેરાનો ભારે બોજ.

- આ વર્ષે મે મહિનામાં પેટ્રોલના ભાવ અમદાવાદમાં પ્રતિ લિટર રૂ.૧૦૦ને વટાવી ગયા. કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટી વધારતા ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા.
- મે-૨૦૧૪થી મે-૨૦૨૦ દરમિયાન ભાજપ સરકારે પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યૂટીમાં ૨૫૦ ટકાનો (પ્રતિ લિટર રૂ.૯.૪૮ થી વધારીને પ્રતિ લિટર રૂ.૩૨.૯૮) અને ડીઝલ પર ૮૦૦ ટકાનો (પ્રતિ લિટર રૂ.૩.૫૬ થી વધારીને પ્રતિ લિટર રૂ.૩૧.૮૩) વધારો ઝીંક્યો હતો.
- તેના પરિણામે યુપીએ સરકાર કરતાં ભાજપ સરકારમાં પેટ્રોલ પર ટેક્સમાં ૩ ગણો અને ડીઝલ પરના ટેક્સમાં ૯ ગણો વધારો ઝીંકાયો હતો.


## ઘરેલું બજેટ અસ્તવ્યસ્ત : ખાદ્યચીજોના ભાવમાં ઉછાળો :

- ઓગસ્ટ ૨૦૨૨માં દેશના તમામ રાજ્યોમાં ગુજરાતમાં ખાદ્ય ચીજવસ્તુઓનો ફુગાવો સૌથી વધુ હતો.
- છેલ્લા એક વર્ષમાં કેટલાંક કિસ્સાઓમાં શાકભાજી, ફળો અને અન્ય ચીજવસ્તુઓના ભાવ બમણાં થઈ ગયા છે.
- છેલ્લાં એક વર્ષમાં રસોઈના ઉપયોગમાં લેવાતા તેલના ભાવ પણ બમણાં થઈ ગયા છે. સૂર્યમુખી અને સરસવના તેલનો ભાવ પ્રતિ લિટર રૂ.૨૦૦ છે.

## એલ.પી.જી. સબસિડી નાબૂદ કરાઈ : પરિવારો બજાર ભાવ ચૂકવે છે :

- અમદાવાદમાં છેલ્લાં ત્રણ વર્ષમાં એલ.પી.જી. સિલિન્ડરનાં ભાવમાં રૂ.૪૬૦/- જેટલો ધરખમ વધારો થઈ ગયો છે.
- એલ.પી.જી.ના ભાવમાં થતાં નિયમિત વધારાથી સબસિડી નાબૂદ થઈ ગઈ છે.
- યુપીએ શાસનકાળ દરમિયાન પ્રત્યેક પરિવારને રાહત દરે એલ.પી.જી. સિલિન્ડર મળતાં હતા. ત્યારે સિલિન્ડરનો ભાવ રૂ.૪૦૦ની આસપાસ હતો.
- વર્તમાન સરકાર હેઠળ દર મહિને ભાવ વધારો કરવામાં આવી રહ્યો છે. પરિવારો એક સ્ટાન્ડર્ડ ઘરેલું એલ.પી.જી. સિલિન્ડર માટે રૂ.૧૦૬૦ કરતાં પણ વધુ રકમ ચૂકવી રહ્યાં છે.

- ચાર્ટ દર્શાવે છે કે સામાન્ય લોકો પર કઈ રીતે નિયમિત ભાવ વધારાનો બોજ લાદવામાં આવે છે.




### જાહેર ઉપયોગિતા સેવાઓ મોંઘીદાટ :


- ઈંધણ પર સરચાર્જના વધારાની પરોક્ષ અસરરૂપે વીજળીના ભાવ વધી ગયા છે.
- કેન્દ્ર સરકારે પ્રવાસી ટ્રેનોનાં ભાડાં વધારતા જાહેર પરિવહન વધુ મોંઘું થઈ ગઈ ગયું છે. આમ જનતાની કફોડી હાલતને ધ્યાનમાં લીધા વગર જુદી જુદી પરિવહન સેવાઓનાં ચાર્જિસ વધારી દેવાયા છે.
- આ સરકાર હેઠળ રેલવે પ્લેટફોર્મ ટિકિટના ભાવ રૂ.૫ થી વધીને રૂ.૫૦ને આંબી ગયા છે.
- ખાનગી બસ સંચાલકોએ પણ આ વર્ષના આરંભે ટિકિટના ભાડાં વધારી દીધા છે.

## ૨. રાજ્યને દેવાની જાળમાં ધકેલ્યું : દેવા પ્રેરિત વૃદ્ધિ :

ભાજપ સરકારે નજીવી વૃદ્ધિ હાંસલ કરી છે તે દેવા અને કરજ પ્રેરિત છે. રાજ્યના ભાવિને ગીરવે મૂકીને સરકાર વૃદ્ધિ-વિકાસનું નિદર્શન કરી રહી છે.

### ભાજપ સરકાર હેઠળ ગુજરાત દેવાનાં ડુંગર તળે :

- માર્ચ ૨૦૨૨ના અંત સુધીમાં રાજ્યનું દેવું રૂ.૪,૦૦,૦૦૦ કરોડને વટાવી ગઈ છે.
- છેલ્લા ૧૫ વર્ષમાં રાજ્યના દેવાંની રકમ ત્રણ ગણી વધી ગઈ છે.
- ગુજરાતની ૬.૪ કરોડની વસ્તીને ધ્યાનમાં લેતા પ્રત્યેક ગુજરાતી પર રૂ.૬૩,૦૦૦નું જંગી દેવું છે.




*સ્રોત : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા*

## ગુજરાત સરકારને ધ કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયાની (કેગ) ચેતવણી :

સરકાર આડેધડ કરજ લઈ રહી છે. જંગી દેવાં માટે જો યોગ્ય રીતે આયોજન નહીં થાય તો રાજ્ય જંગી કરજની જાળમાં ફસાઈ જશે.

ધ કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાએ (કેગ) તેના ઓડિટ રિપોર્ટમાં ચેતવણી આપી છે કે રાજ્ય હવે દેવાની જાળમાં ફસાઈ શકે છે. 'કેગ' દ્વારા જણાવાયું છે કે, એક બાજુ આવશ્યક ખર્ચ વધવાથી અને બીજી બાજુ મહેસૂલ ખાધ વધવાથી સરકાર દેવાની જાળમાં ફસાવાથી બચવા માટે ગહન રીતે વિચારીને દેવાની પુનઃ ચુકવણીની વ્યૂહરચના ઘડી કાઢવી જોઈએ. રાજ્યના મહેસૂલ ખર્ચનો ૧૬ ટકા હિસ્સો વ્યાજની ચુકવણીનો છે.

## આર્થિક વૃદ્ધિ વિરુદ્ધ દેવામાં વધારો :

'કેગ'એ તેના અહેવાલમાં નોંધ્યું છે કે, ૨૦૧૬-૨૧ દરમિયાન રાજ્યનાં અર્થતંત્રમાં ૯.૧૯ ટકાની વૃદ્ધિ થઈ હતી, તેની સામે દેવામાં ૧૧.૪૯ ટકાનો વધારો થયો છે.

## ૩. બેરોજગારી સંકટ :

સતત બેરોજગારી સંકટના કારણે ગુજરાતના યુવાનો તણાવમાં છે. આર્થિક ગેરવહીવટના અને ગેરવ્યવસ્થાના કારણે રોજગારો ખતમ થઈ ગયા છે. રાજ્યના યુવાનો સમક્ષ લાભકારક રોજગાર પ્રાપ્ત કરવાની ખૂબ જ ઓછી તકો છે. ઘણાં કિસ્સાઓમાં તેમને ઓછા પગારવાળી નોકરીઓ સ્વીકારવાની ફરજ પડે છે. સરકારની ઉદાસીનતાના કારણે સ્થિતિ વધુ બદતર બની છે. સરકાર પોતાનાં જ વિભાગોમાં ખાલી જગ્યાઓ સમયસર ભરવામાં નિષ્ફળ ગઈ છે.

### ૩.૬૪ શિક્ષિત રજીસ્ટર્ડ બેરોજગારો :

- રાજ્યમાં કેટલી હદે બેરોજગારીની કટોકટી અને સંકટ છે તે એ હકીકત પરથી જાણી શકાશે કે ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં રાજ્યનાં જુદા જુદા રોજગાર વિનિમય કેન્દ્રો ખાતે લગભગ ૩.૬૪ લાખ જેટલાં શિક્ષિત અને અર્ધ-શિક્ષિત યુવાનો સત્તાવાર રીતે બેરોજગાર તરીકે નોંધાયેલા છે.
- નોંધણી પામેલા ૯૦ ટકા કરતાં વધુ બેરોજગારો શિક્ષિત શ્રેણીમાં છે.

### ઊંચો બેરોજગારી દર :

- સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી અનુસાર ગુજરાતમાં યુવા (૨૦ થી ૨૪ વય જૂથમાં) બેરોજગારી દર (મે-ઓગસ્ટ ૨૦૨૨ના સમયગાળા માટે) ૧૨.૪૯ ટકા હતો.
- મહિલામાં યુવા બેરોજગારી દર ૨૭ ટકા હતો.

### ખાલી પડેલી સરકારી જગ્યાઓમાં વધારો :

- સરકાર સમયબદ્ધ રીતે ખાલી જગ્યાઓ ભરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે.
- ૨૦૧૪થી કેન્દ્ર સરકારના વિભાગોને ૨૨ કરોડ અરજીઓ મળી હતી અને માત્ર ૭ લાખ ઉમેદવારોની ભરતી કરી હતી.
- પ્રતિ ૧૦૦૦ અરજીઓ માટે કેન્દ્ર સરકારના ક્ષેત્રમાં માત્ર ત્રણ નોકરીઓ ઊભી કરવામાં આવી રહી છે.
- ગુજરાત સરકાર પણ કેન્દ્ર સરકારની રાહે ચાલીને ઉમેદવારોની ભરતી કરવા માટે અવગણના કરી રહી છે.

### પેપર લીક્સનું મુખ્ય કેન્દ્ર :

રાજ્યમાં છેલ્લા કેટલાંક સમયથી એવો પ્રવાહ જોવા મળ્યો છે કે જેમાં પેપર લીક થવાથી મહત્ત્વની ભરતી પરીક્ષાઓની કાર્યવાહી ખોરંભે પડી છે. છેલ્લા ૧૦ વર્ષમાં પેપર લીકની નવથી વધુ મોટી ઘટનાઓ બની છે, જેની યાદી નીચે મુજબ છે :

| | |
|---|---|
| ૨૦૧૪ | જીએસસી ચીફ ઓફિસર. |
| ૨૦૧૫ | તલાટીની પરીક્ષા. |
| ૨૦૧૬ | સુરેન્દ્રનગર અને ગાંધીનગર માટે તલાટીની પરીક્ષાઓ. |
| ૨૦૧૮ | ટીચર્સ એપ્ટિટ્યૂડ ટેસ્ટ. |
| ૨૦૧૮ | નાયબ ચિટનીસ. |
| ૨૦૧૮ | લોકરક્ષક દળ. |
| ૨૦૧૯ | બિન-સચિવાલય ક્લાર્ક. |
| ૨૦૨૧ | હેડ ક્લાર્ક. |


# ગુજરાતની ભાજપ સરકાર સામે
# કોંગ્રેસનું તહોમતનામું

ભાજપ સરકાર હેઠળ વારંવાર પેપર્સ લીકની ઘટનાઓથી યુવાનો નિરુત્સાહ બની ગયા છે કે જેના પગલે ભરતી પ્રક્રિયા વિલંબમાં મૂકાય છે.

## ઓછા પગારો-વેતન :

ગુજરાતમાં દેશમાં પગાર વેતનનાં સૌથી ઓછા અને નીચા દર છે. કામદારોને ઓછા પગાર-વેતનવાળી નોકરીઓ સ્વીકારવાની ફરજ પડે છે.

- **બાંધકામ કામદારોનું વેતન દેશમાં સૌથી ઓછા વેતનમાં ત્રીજા સ્થાને છે. ગુજરાતમાં બાંધકામના કામદારના સરેરાશ દૈનિક વેતન દર રૂ.૨૮૫ છે, જ્યારે પડોશના રાજસ્થાનમાં આ દર રૂ.૩૬૫ છે.**
- **સરેરાશ વેતન દર તમામ દષ્ટિએ રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછાં છે.**




## હતાશ અરજદારો :

બેરોજગારીની સમસ્યા એટલી ગંભીર છે કે હજારો યુવાનો ગ્રેડ-૪ની નોકરીઓ માટે ફાંફા મારી રહ્યા છે.

- **સરકારને તલાટીની ૩૪૦૦ જગ્યા માટે ૧૭ લાખ અરજીઓ મળી હતી.**
- **ગઈસાલ ૬૦૦ ગ્રામરક્ષક દળની જગ્યા માટે હજારો અરજદારો ઊમટી પડ્યા હતા.**

## રોજગાર સર્જનમાં મુદ્રા યોજનાની નિષ્ફળતા :

- ખૂબ જ ગાજેલી મુદ્રા યોજના રોજગાર સર્જવામાં નિષ્ફળ ગઈ છે.
- ૯૫ ટકા કરતા વધુ લોન ‘શિશુ’ અને ‘કિશોર’ કેટેગરીમાં હતી.
- માત્ર ૪.૪ ટકા લોનનું ‘તરુણ’ કેટેગરીમાં અર્થાત્ રૂપિયા પાંચ લાખ થી રૂપિયા દસ લાખ લોનની રકમનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- શિશુ કેટેગરીમાં સરેરાશ લોન રકમ માત્ર રૂ.૩૨,૯૦૭ છે.
- આટલી નજીવી રકમ સાથે આપણે રોજગાર સર્જનની અપેક્ષા રાખી શકીએ નહીં.

# ક્રોની કેપિટલિઝમ :

ભારતીય અર્થતંત્ર આજે ગંભીર મુશ્કેલીમાં છે. મોદી સરકારે અર્થતંત્ર સાથે એટલી ભયાનક રીતે ગેરવ્યવસ્થાપન કર્યું છે કે, લોકો માટે અર્થતંત્ર આફતરૂપ પુરવાર થયું છે. લાખો લોકોએ રોજગાર ગૂમાવી દીધા છે, નાના ધંધા-રોજગાર આવક ગૂમાવી બેઠાં છે અથવા બંધ થઈ ગયા છે અને પરિવારો બે છેડાં ભેગાં કરવા સંઘર્ષ કરી રહ્યાં છે સાથે અબજોપતિની સંપત્તિમાં જબરદસ્ત વધારો થયો છે. સરકારે વિશાળ અર્થતંત્રના ભોગે કેટલાંક ચુનંદા ઔદ્યોગિક ગૃહોની તરફેણ કરી છે. જો કે ભાજપ પાસે આવી જ અપેક્ષા હતી. ભાજપ પરંપરાગત રીતે કેટલાંક મોટા બિઝનેસના હિતોને આગળ ધપાવવા માટે વૈચારિક રીતે પ્રતિબદ્ધ છે. ધનિક તરફી એજન્ડા પ્રજા વિરોધી નીતિમાં પરિણમ્યો છે.

## કોર્પોરેટ ટેક્સ રાહતોની લ્હાણી :

- આમ જનતા પર ઈંધણના ઊંચા ભાવનો પુષ્કળ બોજ લાદવામાં આવી રહ્યો છે, તો બીજી બાજુ સરકારે ભારતના સૌથી ધનિક કોર્પોરેશન્સને જંગી નઝરાણું ભેટ આપ્યું છે. સરકારે કોર્પોરેટ ટેક્સના દરો ૩૦ ટકાથી ઘટાડીને ૨૨ ટકા કર્યા હતા. તેના કારણે ભારતને સરકારી આવકમાં રૂ.૧.૪૫ લાખ કરોડની ખોટ ભોગવવી પડી છે.
- ઉપરોક્ત પગલાંથી ભાજપનો ધનિક તરફી અને આમ જનતા વિરોધી પૂર્વગ્રહ સ્પષ્ટપણે દેખાય છે. ભાજપની યોજના ઊંચા કરવેરા સાથે આમ જનતા પર બોજ લાદવાની અને ધનિક વર્ગોને મોટી રાહત આપવાની છે.

## ઉદ્યોગપતિઓને પાણીનાં ભાવે જમીનની ફાળવણી :

- અદાણી જૂથને ભાજપ સરકારની નીતિઓથી સૌથી વધુ લાભ થયો છે. ભાજપ સરકારે તેને પ્રતિ ચો.મી.ના માત્ર રૂ.૧ અને રૂ.૩૨ના ભાવે જમીનની લ્હાણી કરી છે.
- અન્ય કંપનીઓને જે દર ચૂકવવા પડ્યા હતા તેના કરતા ચાર્જ કરાયેલ દર મહદઅંશે ઘણાં નીચા છે.
- ટાટા ગ્રૂપે તેના નેનો પ્રોજેક્ટ માટે પ્રતિ ચો.મી. રૂ.૯૦૦નો દર ચૂકવવો પડ્યો હતો.
- ફોર્ડ ઈન્ડિયાને પ્રતિ ચો.મી. રૂ.૧૧૦૦ના દરે જમીન ફાળવવામાં આવી હતી.

### GOOD BARGAIN OR BONANZA?

A comparison of land given to some companies by the Gujarat govt

| Company | Area (acres) | Location | Rate (₹/sq mt) | Period |
|---|---|---|---|---|
| APSEZ | 15,946 (6,456 ha) | Mundra (non-agri arid land) | 1-32 | 2006-2008 |
| Tata Motors | 1,110 | Sanand (industrial) | 900 | 2008-09 |
| Ford India | 460 | Sanand (industrial) | 1,100 | 2010-11 |
| Maruti Suzuki | 700 (approx) | Hansalpur (GIDC land) | 670 | 2011-12 |

APSEZ: Adani Port and Special Economic Zone; GIDC: Gujarat Industrial Development Corporation [1 acre = 4,046.86 sq metres]

## ‘કેગ’ ઓડિટમાં જમીન ફાળવણીમાં વિસંગતતાઓ ધ્યાન પર આવી :

- ભાજપ સરકારની જમીન ફાળવણીની નીતિમાં અનેક વિસંગતતાઓ ‘કેગ’ના ધ્યાન પર આવી છે.
- અહેવાલમાં નોંધ્યું છે કે, સરકારે એલ એન્ડ ટી ગ્રૂપને પ્રોજેક્ટ સ્થાપવા માટે ખાસ રાહત આપ્યા બાદ રૂ.૧૨૯ કરોડ ગૂમાવવા પડ્યા હતા.
- ગિફ્ટ સિટીના કેસમાં રૂ.૨૭૦૦ કરોડની કિંમતની જમીન માત્ર રૂ.એકમાં ફાળવવામાં આવી હતી, જે એક પ્રકારનો વર્લ્ડ રેકોર્ડ છે.
- જ્યારે ફોર્ડ ઈન્ડિયાને ભાવ નિર્ધારણ કર્યા વગર ૧૮ લાખ ચો.મી. જમીન ફાળવી દેવાઈ હતી.


## બેંકોમાં મોટા પાયે છેતરપિંડી :

મોદી સરકાર સત્તારૂઢ થઈ ત્યારથી બેંક ફ્રોડના કેસોમાં જંગી વધારો જોવા મળ્યો છે. લોકોને યાદ છે કે, નિરવ મોદી, મેહુલ ચોક્સી અને વિજય માલ્યા જેવા લોકોએ કઈ રીતે બેંકોને ચૂનો લગાડ્યો હતો અને તેમની સામે કોઈ કાર્યવાહી થઈ નથી અને બેંક ફ્રોડનાં કેસોમાં ન્યાય થતો નથી.

- ૨૦૧૫-૧૬ અને ૨૦૨૦-૨૧ વચ્ચેના સમયગાળામાં બેંકોએ ૨,૮૪,૮૧૯ ફ્રોડના કેસોમાં લગભગ રૂ.૬ લાખ કરોડ ગૂમાવ્યા હતા.
- અહેવાલ અનુસાર આમાંથી ૯૪ ટકા રકમ મોદી સરકાર હેઠળ જોવા મળી છે.
- છેતરપિંડીનો વસૂલાતનો દર ઘટીને ૦.૭ ટકા થયો છે. યુપીએ શાસન દરમિયાન વસૂલાતનો દર ૨૩.૭ ટકા હતો.

## ડિફોલ્ટર્સ (બાકીદારો) માટે લોનો માંડવાળ કરાઈ :

- બેંકોએ ૨૦૧૭-૧૮ અને ૨૦૨૧-૨૨નાં સમયગાળા દરમિયાન રૂ.૧૦ લાખ કરોડ જેટલી જંગી લોનની રકમ માંડવાળ કરી છે.
- લોન માંડવાળના સૌથી મોટા લાભાર્થીઓ શાસક સરકારની નિકટ હોવાનું જણાવાય છે.



### ટોચના ૧૦ વિલફૂલ ડિફોલ્ટર્સની લોન માંડવાળ :





| કરજદાર | માંડવાળ કરાયેલી રકમ (રૂપિયા કરોડમાં) |
|---|---|
| ગિતાંજલી જેમ્સ | ૫૪૯૨ |
| આર.ઈ.એલ. એગ્રો | ૪૩૧૪ |
| વિનસમ ડાયમન્ડસ એન્ડ જ્વેલરી | ૪૦૭૬ |
| રોટોમેક ગ્લોબલ | ૨૮૫૦ |
| કુડોસ કેમિ. | ૨૩૨૬ |
| રૂચી સોયા ઈન્ડ. | ૨૨૧૨ |
| ઝૂમ ડેવલપર્સ | ૨૦૧૨ |
| ફોરએવર પ્રેશિયસ જ્વેલરી એન્ડ ડાયમન્ડસ | ૧૯૬૨ |
| કિંગ-ફિશર એરલાઈન્સ | ૧૯૪૩ |
| ડેક્કન ક્રોનિકલ હોલ્ડિંગ્સ | ૧૯૧૫ |

*(સ્તોત્ર : આર.ટી.આઈ.)*

# ૫. કૌભાંડોથી કલંકિત ભાજપ સરકાર

### જી.એસ.પી.સી. કૌભાંડ :

- ૨૦૦૫માં તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ એવો દાવો કર્યો હતો કે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશને (જીએસપીસી) ૫૦ અબજ ડોલરની કિંમતનો ગેસ શોધી કાઢ્યો છે. ૨૦૦૮માં તેમણે આ દાવો બમણો કરીને ૧૦૦ અબજ ડોલરનો આંકડો બતાવ્યો હતો.
- આખરે આ દાવામાંથી કંઈ બહાર આવ્યું નહીં જ્યારે બીજી બાજુ જીએસપીસીના ઉડાઉ ખર્ચા અને નાણાંકીય ગેરરીતિઓ અને વ્યવહારોનાં કારણે ધીમે ધીમે તેની ખોટ વધવા લાગી હતી. જીએસપીસીના આવા વ્યવહારોને કારણે ખાનગી પ્લેયર્સને લાભ થયો હતો.
- 'કેગ'ના બે અલગ અલગ રિપોર્ટમાં જીએસપીસીની કામગીરી પર દોષારોપણ કરાયું હતું.
- આ મુદ્દો ઉછાળવા છતાં જીએસપીસીએ તેના આડેધડ વ્યવહારો ચાલુ રાખ્યાં હતા, જેના કારણે કરદાતાઓને ભારે ખોટ અને નુકસાન ભોગવવું પડ્યું હતું.
- ૨૦૧૭માં ઓ.એન.જી.સી.ને જી.એસ.પી.સી.ને ઉગારી લેવા જણાવ્યું હતું. ઓ.એન.જી.સી.એ દેવામાં ડૂબેલી કંપનીનું રૂ.૮,૦૦૦ કરોડમાં અધિગ્રહણ કર્યું હતું. નિષ્ણાતો અને ઓ.એન.જી.સી. યુનિયનનાં સભ્યોએ આ અધિગ્રહણ સામે અનેક વેધક સવાલો ઉઠાવ્યાં હતાં.

### બિઝનેસ ગૃહોને 'ગેરકાયદે-ગેરવાજબી લાભો' પહોંચાડવા બદલ 'કેગ'એ ભાજપ સરકારને દોષિત ગણાવી :

રાજ્યના પી.એસ.યુ. પરના પોતાના ઓડિટ રિપોર્ટમાં 'કેગ' એ નોંધ્યું હતું કે મોદી સરકારે રિલાયન્સ ઈન્ડ., અદાણી પાવર અને એસ્સાર વગેરે જેવી ખાનગી કંપનીઓને અયોગ્ય અને ગેરવાજબી ફાયદો કરાવ્યો હતો.

- રિપોર્ટમાં નોંધ્યું હતું કે, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડે રિલાયન્સ ઈન્ડ. લિ.ને રૂ.૫૨ કરોડનો અનુચિત-ગેરવાજબી ફાયદો કરાવ્યો હતો.
- એક બીજા કેસમાં 'કેગ'એ એવો આરોપ મૂક્યો હતો કે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.એ અદાણી પાવર પાસેથી પેનલ્ટીની ઓછી વસૂલાત કરતા રૂ.૧૬૦ કરોડની જંગી ખોટ થઈ હતી.
- 'કેગ'એ નોંધ્યું હતું કે, તિજોરીને કુલ રૂ.૫૮૦ કરોડનું નુકસાન થયું હતું.

### રૂ.૪૦૦ કરોડનું ફિશિંગ કોન્ટ્રેક્ટ કૌભાંડ :

- ૨૦૧૫માં ગાંધીનગરની એક અદાલતે ૨૦૦૮માં માછીમારી માટે કોન્ટ્રેક્ટ આપવામાં ગેરરીતિઓના સંદર્ભમાં ગુજરાત સરકારના રાજ્યકક્ષાના માછીમારી પ્રધાન પુરુષોત્તમ સોલંકી, ભાજપના અગ્રણી નેતા દિલીપ સંઘાણી (કે જેઓ એ વખતે કૃષિપ્રધાન હતા) અને અન્ય પાંચ સામે ફોજદારી કાર્યવાહી કરવા આદેશ કર્યો હતો.
- એવો આક્ષેપ કરાયો છે કે, ૨૦૦૮માં સોલંકીએ પોતાની માનીતી પાર્ટીઓને ૫૮ જળાશયો માટે ફિશિંગ કોન્ટ્રેક્ટસ મંજૂર કર્યા હતા.
- ગુજરાત સરકારે સોલંકી સામે ફોજદારી ગુનાહિત કાર્યવાહી કરવા માટે મંજૂરી આપવા ઈન્કાર કર્યો હતો જે નિર્ણય પાછળથી એ વખતે ગુજરાતના માનનીય રાજ્યપાલે બદલી નાખ્યો હતો.

### વેન્ટિલેટર ખરીદી કૌભાંડ :


- એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કોવિડ-૧૯ની પ્રથમ લહેર દરમિયાન સરકાર દ્વારા ખરીદવામાં આવેલા વેન્ટિલેટર્સ અપર્યાપ્ત પુરવાર થયા હતા અને 'એક્ચ્યુઅલ વેન્ટિલેટર્સ' ખરીદવા માટે તાકિદની ડિમાન્ડ કરવામાં આવી હતી.
- વેન્ટિલેટર્સ બનાવનાર કંપનીના પ્રમોટરને ભાજપ સાથે નિકટના સંબંધો હતા.

## ૬. ભ્રષ્ટાચાર જીવનપદ્ધતિ બની ગઈ :

રાજ્યમાં ભ્રષ્ટાચાર જાણે એક જીવનપદ્ધતિ બની ગઈ છે. યોગ્ય સેવાઓ પ્રાપ્ત કરવા માટે સામાન્ય લોકોને જંગી લાંચ ચૂકવવી પડે છે.

- ૨૦૧૯ના એક સર્વેમાં એવું બહાર આવ્યું હતું કે પ્રત્યેક બીજા ગુજરાતીએ આગલા એક વર્ષમાં લાંચ ચૂકવી હતી.
- દર ચોથી વ્યક્તિએ અનેક વખત લાંચ ચૂકવી હતી.
- લાંચ ચૂકવવાના કિસ્સાઓમાં ૩૩૦ ટકાનો વધારો થયો છે.


## ગુજરાત : તમે છેલ્લા એક વર્ષમાં સ્થાનિક સત્તાવાળાઓને કેટલી વખત લાંચ ચૂકવી હતી ? (પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે)




- કેટલી વખત
- એક કે બે વખત
- લાંચ ચૂકવ્યા વગર કામ કરાવ્યું
- લાગું પડતું નથી કે જરૂર નથી.

## ૨૦૧૯માં સ્થાનિક સત્તાવાળાઓને ગુજરાતના નાગરિકો દ્વારા ચૂકવવામાં આવેલ લાંચની વધી ગયેલી ટકાવારી :

ગુજરાત : છેલ્લા ૧ વર્ષમાં સ્થાનિક સત્તાવાળાઓને કેટલી વખત લાંચ ચૂકવી હતી ?




- કેટલી વખત
- એક કે બે વખત
- લાંચ ચૂકવ્યા વગર કામ કરાવ્યું
- લાગું પડતું નથી કે જરૂર નથી.


*ઈમેજ સૌજન્ય : સ્થાનિક વર્તુળો*

## ગુજરાતની ભાજપ સરકાર સામે
# કોંગ્રેસનું તહોમતનામું

એક અખબારી અહેવાલ અનુસાર રિપોર્ટ થયેલાં ભ્રષ્ટાચારના કેસમાં ગુજરાતનો ત્રીજો નંબર છે.

૨૦૧૭ અને ૨૦૧૮ દરમિયાન લાંચ-રૂશ્વત વિરોધી બ્યૂરો સાથે નોંધાયેલા ભ્રષ્ટાચારના કેસોની સંખ્યા બમણી થઈ ગઈ હતી.

**પ્રતિ ૧ કરોડ લોકો દીઠ રિપોર્ટ કરાયેલા ભ્રષ્ટચારના કેસ :**




*ઈમેજ સ્તોત્ર : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા.*

### છેલ્લા બે વર્ષમાં લાંચ-રૂશ્વત વિરોધી બ્યૂરોની કામગીરી

| વિગત | ૨૦૧૮ | ૨૦૧૭ |
|---|---|---|
| કુલ કેસ | ૩૩૨ | ૧૪૮ |
| સરકાર વતી નોંધાયેલા કેસ | ૧૧૯ | ૧૫ |
| ચાર્જશીટ દાખલ | ૨૦૯ | ૧૫૭ |
| સંડોવાયેલા આરોપી | ૭૨૯ | ૨૧૬ |
| વર્ગ-૧ના આરોપી, અધિકારી | ૩૨ | ૧૩ |
| છટકું ગોઠવી નાણા જપ્ત | ૩.૮૯ લાખ | ૩.૭૧ લાખ |
| સજાનો દર | ૩૪% | ૨૯% |
| સંડોવાયેલ ખાનગી વ્યક્તિ | ૨૫૬ | ૪૭ |

*(સ્તોત્ર : એ.સી.બી. ગુજરાત)*

## ગુજરાતની ભાજપ સરકાર સામે
# કોંગ્રેસનું તહોમતનામું

## ૭. સ્વાસ્થ્ય સેવાઓની (હેલ્થકેર) ઉપેક્ષા :

સ્વાસ્થ્ય સેવા (હેલ્થકેર) ક્ષેત્રની ઉપેક્ષા કરવામાં આવી છે. વધતી જતી વસ્તીની માગણીને પહોંચી વળવા માટે સ્વાસ્થ્ય સેવા માળખું સંપૂર્ણતઃ અપર્યાપ્ત છે. તબીબી વ્યવસાયિકોની ભારે તંગી છે. પરવડે તેવી અને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાના અભાવે, ગુજરાતીઓને ખાનગી હેલ્થકેર તરફ વળવાની ફરજ પડે છે.

### હેલ્થકેર બજેટમાં કાપ : પ્રતિ વ્યક્તિ દૈનિક ખર્ચ રૂ.પાંચ :

- ભાજપ સરકારે બજેટમાં કાપ મૂકીને હેલ્થકેર ક્ષેત્રની ઉપેક્ષા કરી છે. છેલ્લા બજેટમાં હેલ્થકેર ખર્ચમાં ૧૬ ટકા જેટલો ઘટાડો કરવામાં આવ્યો હતો. સામાજિક કલ્યાણ અને પોષણ માટેનું બજેટ ૧૩ ટકા જેટલું ઘટાડવામાં આવ્યું હતું.
- સરકારે ૨૦૨૨-૨૩ના બજેટમાં આરોગ્ય અને કુટુંબ કલ્યાણ માટે રૂ.૧૨,૨૦૭ કરોડની ફાળવણી કરી હતી. આ રકમ પ્રતિ વ્યક્તિ માટે દૈનિક ખર્ચ રૂ.પાંચ કરતા થોડો વધુ જ આવે છે.
- તબીબી, જાહેર આરોગ્ય અને કુટુંબ કલ્યાણ પર ગુજરાતનો ખર્ચ અન્ય રાજ્યોની સરેરાશ કરતા ઓછો રહ્યો છે.

### આફ્રિકન દેશોની સમકક્ષ ગુજરાતની કામગીરી :

- ગુજરાતમાં શીશુ મૃત્યુ દર ૩૧.૨ છે.
- ગુજરાતની કામગીરી ગરીબ આફ્રિકન દેશોની સમકક્ષ છે. આ મામલામાં રવાન્ડા, સેનેગલ અને નાંબિયાની ગુજરાત કરતા વધુ સારી કામગીરી છે.

### નિરંકુશ કુપોષણ :

સૌથી શરમજનક વાત તો એ છે કે, ગુજરાત સરકારે બાળકોમાં કુપોષણને વધવા દીધું છે.

- ૧૦૦ શીશુઓમાંથી ૯૪ને (૬ થી ૨૩ મહિનાની વયજૂથના) પર્યાપ્ત ખોરાક ઉપલબ્ધ નથી.
- ૨૦૧૫-૧૬થી સુધારાયેલા વિકાસ અને ઓછા વજનવાળા બાળકોના પ્રમાણમાં વધારો થો છે.
- ૪૦ ટકા બાળકો કુંઠિત વિકાસવાળા છે. શૈશવકાળના કુપોષણની આરોગ્ય પર કાયમી વિપરીત ગંભીર અસર પડી શકે છે.
- ૮૦ ટકા બાળકો (૬ થી ૫૯ મહિનાની વયજૂથના) નિર્બળ, નબળા અને માંદા છે.
- બાળકો, પુરુષો અને મહિલાઓની નબળાઈ અને માંદગીમાં વધારો થયો છે.

### કુલ સ્પેશ્યાલિસ્ટસની ૯૦ ટકા તંગી :

રાજ્યમાં તબીબી કર્મીઓની તીવ્ર તંગી છે. સમયસર ખાલી જગ્યાઓ ભરવામાં સરકારની નિષ્ફળતાના કારણે ગુજરાતની હેલ્થકેર સ્થિતિ વણસી છે.

| | જરૂરી | તંગી | તંગી % |
|---|---|---|---|
| ગ્રામીણ વિસ્તારોમાં સીએચસી ખાતે કુલ સ્પેશિયાલિસ્ટસ | ૧૩૩૨ | ૧૧૯૭ | ૯૦ |
| ગ્રામીણ વિસ્તારોમાં સીએચસી ખાતે રેડિયોગ્રાફર્સ | ૩૩૩ | ૩૨૫ | ૯૮% |
| શહેરી વિસ્તારોમાં પીએચસી ખાતે ડૉકટરો | ૩૨૨ | ૧૩૬ | ૪૨% |

### ખાનગીકરણ :

- ભાજપ સરકારે હેલ્થકેરનાં ખાનગીકરણને ઉત્તેજન આપ્યું.
- લાખો ગુજરાતી નાગરિકોને ખાનગીકરણનાં કારણે હેલ્થકેર પરવડતી નથી.

## ૮. કોવિડ-૧૯ મહામારીમાં ગેરવહીવટ :

કોવિડ-૧૯ મહામારીનું ગેરવ્યવસ્થાપન સ્વતંત્ર ભારતની ગંભીર પ્રશાસન નિષ્ફળતા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી હેઠળની કેન્દ્ર સરકારે મહામારીને અટકાવવા અને ખાળવા પર્યાપ્ત પગલાં લીધા નહોતા. મુખ્યપ્રધાન રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકાર પોતાના નાગરિકોને મહામારીથી બચાવવાની ફરજ નિભાવવામાં નિષ્ફળ ગઈ હતી. સરકારની નિષ્ફળતા અને બેદરકારીના કારણે હજારો લોકોએ બિનજરૂરી જીવ ગૂમાવ્યા હતા. એપ્રિલ-૨૦૨૧ના બીજા સપ્તાહ સુધીમાં સ્મશાનગૃહો, કબ્રસ્તાનો મૃતદેહોથી ઊભરાઈ ગયા હતા.

### સરકારનું ધ્યાન સમાચારની 'હેડલાઇન્સ'માં ચમકવા પર હતું - મૃત્યુઆંક ઓછો દર્શાવાયો :

- સરકારનું ધ્યાન સમાચારની 'હેડલાઈન્સ'માં ચમકવા પર હતું, વાસ્તવમાં સરકારે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈતું હતું.
- એક અખબારના વિશ્લેષણ દ્વારા એવું જાહેર થયું હતું કે સરકારે બીજી લહેર દરમિયાન સિફતપૂર્વક કોવિડ-૧૯ના મૃત્યુઆંકને ઘણો ઓછો દર્શાવ્યો હતો અને કોરોના વાઈરસથી થયેલા ૬૧,૦૦૦ કરતા વધુ મૃત્યુને છૂપાવવામાં આવ્યા હતા.
- માર્ચ, ૧ અન મે, ૫-૨૦૨૧ દરમિયાન રાજ્યએ સત્તાવાર રીતે માત્ર ૪૨૧૮ કોવિડ-૧૯ મૃત્યુ નોંધ્યા હતા, પરંતુ સરકારે અગાઉના વર્ષ કરતાં ૬૫,૦૦૦ વધુ મૃત્યુ નોંધણી પ્રમાણપત્ર ઈસ્યૂ કર્યા હતા.
- હાર્વર્ડ યુનિવર્સિટીના સંશોધકોએ પણ એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે રાજ્યએ કોવિડ-૧૯ના કારણે થયેલા મૃત્યુની સંખ્યા ઓછી દર્શાવી હતી.

### નિવારી શકાય તેવી મૃત્યુ - ઓક્સિજનની તંગી :

- સૌથી નિરાશાજનક હકીકત એ હતી કે હજારો મૃત્યુ અટકાવી શકાયા હોત સરકારની નિષ્કાળજી અને ઓક્સિજનના અભાવથી ઘાતકી લહેર ઊભી થઈ હતી.
- ગુજરાતમાં બીજી લહેર દરમિયાન રાજ્યભરની હોસ્પિટલોમાં ઓક્સિજનની તીવ્ર તંગી સર્જાઈ હતી જેના કારણે ખાનગી ડૉક્ટરોને પણ મુખ્યપ્રધાનને દરમિયાનગીરી કરવા માટે પત્રો લખવાની ફરજ પડી હતી.
- રાજ્યમાં અનેક ઓક્સિજન પ્લાન્ટ્સ હોવા છતાં ઓક્સિજનની તંગી ઊભી થઈ હતી. રાજ્યમાં ઓક્સિજનનાં અભાવે ઘણાં લોકોનાં મૃત્યુ થયા હતા.
- ભાજપે આ માટે જવાબદારી સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો અને તત્કાલિન મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ જુલાઈ-૨૦૨૧માં એવો દાવો કર્યો હતો કે ઓક્સિજનના અભાવે એક પણ મૃત્યુ કોરોના વાઈરસથી થયું નથી.

### સરકારે કાયદેસર રીતે હક્કનું વળતર ચૂકવવા ઇન્કાર કર્યો :

- ભાજપ સરકારે કોવિડ-૧૯ના કારણે મૃત્યુ પામનારને પર્યાપ્ત વળતર ચૂકવવાનો ઈન્કાર કર્યો છે.
- સરકારે પુનઃ ગણતરી કરવી જોઈએ અને સાચી હકીકતો જાહેર કરવી જોઈએ. ત્યારબાદ સરકારે પ્રત્યેક પીડિત પરિવારને રૂ.૪ લાખનું વળતર ચૂકવવું જોઈએ.

ગુજરાતની ભાજપ સરકાર સામે

# કોંગ્રેસનું તહોમતનામું

## સર્વાધિક મૃત્યુ સંખ્યા :

- બીજી લહેરમાં દેશના તમામ મોટા શહેરોમાં અમદાવાદમાં એપ્રિલ-૨૦૨૧ સુધી ૨.૭ ટકા પર સૌથી વધુ મૃત્યુદર હતો.
- પ્રથમ લહેર દરમિયાન પણ ગુજરાતમાં સૌથી વધુ મૃત્યુ દર નોંધાયો હતો. જુન-૨૦૨૦ સુધી રાજ્યનો મૃત્યુદર ૬.૨ ટકા હતો જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં બમણો હતો.

## બ્લેક ફંગસનો ફેલાવો :

રાજ્યમાં દેશમાં મ્યુકરમાઈકોસિસનાં (બ્લેક ફંગસ) સૌથી વધુ કેસ હતા અને દર ૧૦૦૦ કોવિડ-૧૯ના કેસમાંથી ૧૩ કેસમાં બ્લેક ફંગસનું સંક્રમણ જોવા મળ્યું હતું.

## વેક્સિન ગેરવહીવટ :

- વેક્સિન વ્યવસ્થાપન પર જો કેન્દ્ર સરકારે નિષ્ણાતોના મંતવ્યોને સક્રિય રીતે ધ્યાન પર લીધા હોત તો મોટાપાયે જાનહાની અને આજીવિકાનું નુકસાન ઘટાડી શકાયું હોત.
- શરૂઆતના દિવસોમાં સરકારની રણનીતિના કારણે મોટાભાગની વસ્તી વેક્સિનથી વંચિત રહી ગઈ હતી.
- સરકાર વેક્સિન ઉત્પાદકોને પોતાની ઉત્પાદન ક્ષમતા વિસ્તારવા માટે શરૂઆતમાં સહાય પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ હતી.

## વેન્ટિલેટર ખરીદી કૌભાંડ :

- જ્યારે સરકારે મહામારી સામે લડવા પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈતું હતું ત્યારે સરકાર કૌભાંડ આચરવામાં વ્યસ્ત હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કોવિડ-૧૯ની પ્રથમ લહેર દરમિયાન સરકાર દ્વારા ખરીદવામાં આવેલા વેન્ટિલેટર્સ અપર્યાપ્ત પુરવાર થયા હતા અને તેથી 'એકચ્યુઅલ વેન્ટિલેટર્સ' માટે તાકિદની ડિમાન્ડ કરવામાં આવી હતી.
- વેન્ટિલેટર્સ બનાવનાર કંપનીના પ્રમોટરને ભાજપ સાથે નિકટના સંબંધો હોવાનું કહેવાય છે.

## આર્થિક લોકડાઉન - આજીવિકા ગુમાવી :

- યોગ્ય પરામર્શ કર્યા વગર રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જાહેર કરવાનાં અણધાર્યા નિર્ણયના લીધે લાખો લોકોને ભારે નુકસાન થયું હતું અને રોજગાર-આજીવિકા ગુમાવવા પડ્યાં હતા.
- પ્રવાસી કામદારોને પગપાળા પોતાના વતન તરફ જવાની ફરજ પડી હતી, કારણ કે તેમની પાસે આવકનો કોઈ સ્ત્રોત નહોતો અને સરકાર તરફથી કોઈ મદદ મળી નહોતી.
- આકરા નિર્ણયોનાં કારણે લોકોને રોજગાર-ધંધા ગુમાવવા પડ્યા હતા.
- લોકડાઉન બાદ ગુજરાતમાં બેરોજગારીનો દર લગભગ ત્રણ ગણો થઈને એપ્રિલ-૨૦૨૦માં ૧૮.૭ ટકાને આંબી ગયો હતો. (સીએમઆઈઈ)
- વેલ્ફેર ફંડમાં મોટી અનામત (રિઝર્વ) હોવા છતાં બાંધકામના કામદારોને બીજી લહેર દરમિયાન કોઈ રોકડ ચૂકવવામાં આવી ન હતી.

# ૯. શિક્ષણ :

ગુજરાતમાં જ્યારથી ભાજપ સરકાર સત્તારૂઢ થઈ છે. ત્યારથી શિક્ષણ ક્ષેત્ર સૌથી વધુ ખરાબ રીતે પ્રભાવિત થયું છે. ભાજપના શાસનકાળમાં શિક્ષણ અને તમામ સ્તરે શિક્ષણ પાછળ સાવ ઓછો ખર્ચ કરવામાં આવ્યો છે. ઉચ્ચત્તર શિક્ષણ ક્ષેત્રની સંપૂર્ણતઃ ઉપેક્ષા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને ખાનગી સંસ્થાઅમાં પ્રવેશ લેવાની ફરજ પડે છે. ખાનગી સંસ્થાઓ નિમ્ન ગુણવત્તા ધરાવતા શિક્ષણ અને કૌશલ્ય માટે મોંઘીદાટ રકમ વસૂલે છે. શિક્ષણ અને કૌશલ્યની નબળી ગુણવત્તાના કારણે ગંભીર બેરોજગારી સંકટ ઊભું થયું છે.

## શૈક્ષણિક આંક પર ગુજરાત અન્ય રાજ્યોથી પાછળ છે :

- સમૃદ્ધ રાજ્ય હોવા છતાં સાક્ષરતા દરમાં ગુજરાત પાછળ છે. જુદાં જુદાં શિક્ષણ માપદંડો પર ગુજરાત ટોપ-૧૦ કે ટોપ-૧૫માં સ્થાન હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યું છે.
- ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા અનુસાર સાક્ષરતાના દરની બાબતમાં અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની તુલનાએ ગુજરાત ૧૭માં સ્થાને છે.
- પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક અને પ્રાથમિક વર્ગો માટે ગુજરાતનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (જીઈઆર) રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો છે.
- ઉચ્ચત્તર માધ્યમિક વર્ગો માટે (કુલ નોંધણી દર) પર ગુજરાત ૨૮માં સ્થાને છે.
- જ્યારે કન્યા કેળવણીની બાબતમાં ઉચ્ચતર માધ્યમિક વર્ગો માટે ગુજરાતનું સ્થાન ૩૦મું છે.
- ઉચ્ચત્તર શિક્ષણ ક્ષેત્રે નબળી કામગીરી જારી છે. ઉચ્ચત્તર શિક્ષણમાં ગુજરાતનો જીઈઆર તમામ રાજ્યોમાં સૌથી ખરાબ આઠમાં સ્થાને છે.
- પાંચ વર્ષમાં ગુજરાતની કામગીરીમાં માત્ર આંશિક સુધારો થયો છે.
- ઉચ્ચત્તર શિક્ષણમાં જીઈઆરની બાબતમાં ગુજરાત કરતાં ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ પણ આગળ છે.
- કુલ ખર્ચની તુલનાએ શિક્ષણ પર ખર્ચની બાબતમાં ગુજરાતનું સ્થાન ૨૦મું છે.
- છેલ્લા પાંચ વર્ષમાં શિક્ષણ પર ગુજરાતના કુલ ખર્ચ સામે શિક્ષણ પરના ખર્ચનો રેશિયો ક્યારેય તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સરેરાશથી આગળ વધ્યો નથી.
- ગુજરાતના ૨૦ જિલ્લાઓ 'શૈક્ષણિક રીતે પછાત જિલ્લા'ઓની કેટેગરી હેઠળ આવે છે.

## ખાનગીકરણ અને જંગી ફી :

- ભાજપ સરકારે સુયોજિત રીતે શિક્ષણના ખાનગીકરણને ઉત્તેજન આપ્યું છે. શિક્ષણ ક્ષેત્ર ફૂલીફાલી રહ્યું છે અને સરકારી કોલેજો બંધ પડી રહી છે.
- છેલ્લા એક દાયકામાં રાજ્ય ખાનગી યુનિવર્સિટીઓની સંખ્યામાં ૨૦૦ ટકા જેટલો વધારો થયો છે. જ્યારે જાહેર યુનિવર્સિટીઓની સંખ્યા માત્ર ૨૨ ટકા જ વધી છે.
- ખાનગી કોલેજોની સંખ્યામાં લગભગ ૭૦ ટકા જેટલો વધારો થયો છે અને સરકારી કોલેજોની સંખ્યામાં ૫૦ ટકા જેટલો ઘટાડો થયો છે.
- વધતી જતી વસ્તીની માગણીને અનુરૂપ સરકારી સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રકચર કદમ મિલાવવામાં નિષ્ફળ રહ્યું છે.
- ખાનગી શાળાઓ અને કોલેજો જંગી ફી ચાર્જ કરે છે જેના કારણે લાખો બાળકો અને પુખ્ત યુવાનો માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પરવડે તેમ નથી.
- ભાજપ સત્તારૂઢ થયા બાદ ખાનગી શાળાઓની સંખ્યામાં ધરખમ વધારો થયો છે.

# ગુજરાતની ભાજપ સરકાર સામે
# કોંગ્રેસનું તહોમતનામું

## અપર્યાપ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવ સંસાધન :


- ગુજરાતનું જાહેર શિક્ષણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિરાશાજનક છે. વર્ગખંડો અને અન્ય મહત્ત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જંગી તંગી છે. હજારો શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે.
- સરકારી શાળાઓમાં ૨૮,૦૦૦ કરતા વધુ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે.
- પ્રાથમિક શાળાઓમાં આચાર્યપદ માટે ૧૦૨૮ જગ્યાઓ ખાલી પડી છે.
- ૭૦૦ પ્રાથમિક શાળાઓ માત્ર એક જ શિક્ષકથી ચાલે છે. ધો.૧ થી ૮ સુધી તમામ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે માત્ર એક જ શિક્ષક જવાબદાર છે.
- સરકારી શાળાઓમાં ૧૯,૦૦૦ વર્ગ ખંડોની તંગી છે.
- શિક્ષકો પર બિન શૈક્ષણિક કામગીરીનો બોજ લાદવામાં આવે છે.
- હજારો અરજદારો સરકાર ખાલી જગ્યાઓ ભરે તેની આતુરતાથી પ્રતિક્ષા કરી રહ્યાં છે.

## શિક્ષણની નિમ્ન અને ઉતરતી કક્ષાની ગુણવત્તા :

- શાળા અને કોલેજ બંને સ્તરે શિક્ષણની ગુણવત્તા ઉતરતી કક્ષાની છે.
- વિદ્યાર્થીઓ અને વાલીઓ ગુજરાત કરતા યુક્રેનની કોલેજ જેવા વધુ ખર્ચાળ વિકલ્પો પસંદ કરે છે. આ વર્ષના આરંભે ૩૦૦૦ થી વધુ ગુજરાતી વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા હતા.
- દેશની ટોપ-૫૦ યુનિવર્સિટીઓમાં ગુજરાતની એક પણ યુનિવર્સિટીને સ્થાન પ્રાપ્ત થયું નથી.
- નેશનલ એચિવમેન્ટ સર્વેમાં ગુજરાતની કામગીરી નબળી રહી છે.

ચારમાંથી ત્રણ માપદંડના આધારે રાજ્યની કામગીરીને ‘રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણી નીચી’ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે.

## ગુજરાતના પરિણામો :



*(ઈમેજ સ્ત્રોત : નેશનલ એચિવમેન્ટ સર્વે-૨૦૨૧)*

# ૧૦. તમામ માટે આવાસ નહીં :

વડા પ્રધાન મોદીએ ૨૦૨૨ સુધીમાં તમામ ભારતીયોને ઘરનું ઘર આપવાનું વચન આપ્યું હતું. ૨૦૧૨માં પણ ગુજરાતીઓને પણ આવું વચન આપ્યું હતું, પરંતુ આમાંના એક પણ વચનનું પાલન કરવામાં આવ્યું નથી.

- ફેબ્રુઆરી ૨૦૨૦માં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત પૂર્વે રાજ્ય વહીવટીતંત્રએ ઝૂંપડપટ્ટીની વસાહતોને છૂપાવવા માટે રસ્તા પર દિવાલો બાંધી દીધી હતી.
- ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે, ગુજરાતમાં ૧૭ લાખ લોકો ઝૂંપડપટ્ટીમાં વસી રહ્યાં છે.
- ૨૦૧૬ના અહેવાલ જણાવે છે કે, ગુજરાત દેશમાં સૌથી મોટા નોન-નોટિફાઈડ સ્લમ્સ બાબતમાં ત્રીજા ક્રમે છે.
- ભારત પ્રત્યેક ૧૦માં નોન-નોટિફાઈડ સ્લમ્સ ગુજરાતમાં છે.
- ભાજપ સરકાર હેઠળ, ૨૦૦૦થી જંત્રીના દરોમાં જબરદસ્ત વધારો થયો છે જેના કારણે આવાસો મોંઘા થઈ ગયા છે.
- કોંગ્રેસ સરકાર દરમિયાન શરૂ કરાયેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ હવે ભાજપ સરકાર હેઠળ નિષ્ક્રિય થઈ ગયું છે.

# ૧૧. વીજળીમાં અંધકાર : ગ્રાહકો સાથે લૂંટ ચલાવાઈ :

- ઘરેલું વીજ ગ્રાહકો વીજળી માટે ઊંચા ટેરિફ ચૂકવી રહ્યાં છે જેના કારણે ગ્રાહકોના ઘરેલું બજેટ અસ્તવ્યસ્ત થઈ ગયા છે.
- સરકારે ગ્રાહકો પર સરચાર્જ લાદીને તેમનો બોજ વધાર્યો છે. આ વર્ષના પ્રારંભે પાંચ મહિનામાં ચાર વખત ફયુઅલ સરચાર્જના દરો વધારવામાં આવ્યા હતા.
- ગુજરાતમાં ફયુઅલ અને પાવર પર્ચેઝ એડજસ્ટમેન્ટ ચાર્જિસમાં વધારા બાદ રાજ્યમાં વીજ બિલમાં માસિક રૂ.૨૭૦ કરોડનો અને વાર્ષિક રૂ.૩૨૪૦ કરોડ વધી જવાનો અંદાજ છે.
- જો સરકાર વીજ સબસિડી વધારે તો લોકોને રાહત મળી શકે છે.
- ત્રણ વર્ષમાં સબસિડીની રકમમાં કોઈ ફેરફાર કરાયો નથી.

### ખાનગી કંપનીઓ સાથે સંતલસ :

- એવું જણાય છે કે સરકારને લોકો માટે પરવડે તેવા દરે વીજળી પૂરી પાડવાના બદલે ખાનગી કંપનીઓને અસાધારણ જંગી નફો મળે તે સુનિશ્ચિત કરવામાં વધુ રસ લાગે છે.
- સરકારે પ્રતિ યુનિટ રૂ.૯થી ૧૫ સુધીના દરો પર ખાનગી કંપનીઓ પાસેથી સૌર ઊર્જા ખરીદી હતી. ડેવલપર્સ સૌર વીજ પ્રતિ યુનિટ રૂ.૨ ના ભાવે વેચવા તૈયાર હોવા છતાં ઊંચા દરે તેની ખરીદી કરી હતી.

# ૧૨. આદિવાસી કલ્યાણની ઉપેક્ષા

### વન અધિકાર કાયદાનાં અમલનાં નામે મીંડુ :

કોંગ્રેસ શાસિત યુપીએ સરકારે ઐતિહાસિક ‘‘શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ અને અધર ટ્રેડિશનલ ફોરેસ્ટ ડવેલર્સ (રેકગ્નિશન ઓફ ફોરેસ્ટ રાઈટ્સ) એક્ટ’’ ૨૦૦૬ પસાર કર્યો હતો જે લોકપ્રિય રીતે ‘‘ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ (એફઆરએ) અર્થાત્ વન અધિકાર કાયદા તરીકે ઓળખાય છે. એફઆરએનો હેતુ ઐતિહાસિક રીતે જે ખોટું છે તેને સુધારવાનો અને આદિવાસીઓ તેમજ વનવાસી સમુદાયોને અધિકારિતા બક્ષવાનો હતો. એફઆરએનો યોગ્ય અમલ લોકોને ગૌરવભેર જીવવાનો અધિકાર બક્ષે છે. કમનસીબે ગુજરાતની ભાજપ સરકાર વનવાસીઓના અધિકારોનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગઈ છે. પ્રશાસન એફઆરએનો અમલ કરવામાં પણ નિષ્ફળ રહ્યું છે.

- જૂન-૨૦૨૨ના રોજ આ કાયદા હેઠળ ૧૯,૦૦૦ વધુ દાવાઓ પ્રાપ્ત થયા હતા.
- લગભગ અડધા ભાગના કેસોમાં ટાઇટલ્સનું વિતરણ કરાયું નથી.
- એફઆરએ ૪ હેક્ટર જમીન સુધીના મહત્તમ દાવાને માન્ય રાખે છે. જ્યારે ગુજરાતમાં જમીન ટાઇટલ્સનું વિતરણ માત્ર ૦.૬૯ હેકટર્સની મર્યાદામાં જ કરવામાં આવ્યું છે.

## પંચાયત (એક્ષટેન્શન ટુ શિડ્યુલ્ડ એરિયાઝ) એક્ટ, ૧૯૯૬ને હળવો બનાવાયો :

ગુજરાતના ઘણાં આદિવાસી તાલુકાઓમાં ‘પેસા’ એક્ટ હેઠળ ગ્રામ સભાની સ્વાયત્ત સત્તાઓને હળવી કરી દેવાઈ છે. પ્રોજેક્ટના ભાગરૂપે ગ્રામ સભાઓને જાણ કર્યા વગર ખાનગી અને ગુપ્ત રાહે સર્વે કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે.

## વિકાસમાં મોટું અંતર :

- વિકાસની બાબત આદિવાસી સમુદાયને પાછળ રાખી દેવામાં આવ્યો છે.
- ૨૦૧૧માં ગુજરાતનો સાક્ષરતા દર ૭૮ હતો. જ્યારે એસ.ટી સમુદાયમાં સાક્ષરતા દર ૬૨.૫ હતો.
- સરેરાશ ગરીબી બમણી થઈ. ૨૦૧૧માં ગુજરાતનો ગરીબી દર ૧૬.૬ ટકા અંદાજવામાં આવ્યો હતો. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં એસ.ટી.ની વસ્તીનો ગરીબી દર અનુક્રમે ૩૬.૫ અને ૩૦.૧ ટકા છે.

## આદિવાસીઓને હિજરત કરવાની ફરજ પડાઈ :

- નબળો વિકાસ અને તકના અભાવના કારણે હજારો આદિવાસી પરિવારોને તેમના ઘરોમાંથી હિજરત-સ્થળાંતર કરવાની ફરજ પડી છે.
- બહુમતી બાંધકામ કામદારો અનુસૂચિત જનજાતિમાંથી (એસ.ટી.) આવે છે. કોવિડ-૧૯ની પ્રથમ અને બીજી લહેર દરમિયાન રાજ્ય સરકાર તેમને પર્યાપ્ત રાહત આપવામાં નિષ્ફળ રહી હતી.
- પ્રથમ લહેર દરમિયાન કામદારોને સરેરાશ રૂ.૧૦૦૦ની રોકડ સહાય પ્રાપ્ત થઈ હતી.
- બીજી લહેર દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવી ન હતી.

## નિર્ણય પ્રક્રિયામાંથી આદિવાસીઓની બાદબાકી :

- સરકારે વિકાસના નામે એવી બહુહેતુક યોજનાઓ હાથ ધરી છે કે જેના કારણે આદિવાસી પરિવારો વિસ્થાપિત થયા છે. હજું ઘણાં પરિવારોને વળતર મળવાનું બાકી છે.
- લોકો સાથે કોઈ પણ જાતના પરામર્શ વગર પ્રોજેક્ટસની જાહેરાત કરવામાં આવી છે.
- પાર-તાપી નર્મદા રિવર-લિન્કિંગ પ્રોજેક્ટ સામે વિરોધ-દેખાવો થયા હતા.
- પોતાની નિષ્ફળતાઓ પર ઢાંકપિછોડો કરવા રાજ્ય પ્રશાસને આદિવાસી સમૂહો દ્વારા વિરોધ પર પ્રતિબંધ મૂક્યો હતો.

## ૧૩. દલિતોમાં સુરક્ષાનો અભાવ :

ગુજરાતમાં દલિત સમુદાયોને વારંવાર હેરાનગતિ અને હુમલાઓનો સામનો કરવો પડ્યો છે. રાજ્ય સરકારે હુમલાઓ વધવા છતાં આ મુદ્દે મૌન ધારણ કરવાનું પસંદ કર્યું છે.

### ભયનો માહોલ :

- ૨૦૧૬માં ગીર સોમનાથ જિલ્લામાં ઊના ખાતે દલિત પરિવારના સાત સભ્યો પર જાહેરમાં કોરડા ફટકારવામાં આવ્યા હતા.
- ગઈસાલ એક પરિવારને કચ્છના મંદિરમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યો હતો.
- આ વર્ષના આરંભે એક વરઘોડા પર હુમલો કરવામાં આવ્યો હતો.
- આ કિસ્સાઓ સરકારની નિષ્ક્રિયતાનું પરિણામ છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી હદે વણસી છે કે નિયમિત રીતે આ પ્રકારનાં હુમલાઓ થતાં રહે છે.

### ભાજપની નિષ્ક્રિયતાથી સ્થિતિ બદતર બની રહી છે :

- અનુસૂચિત જાતિ (એસસી) વિરુદ્ધ રાજ્યનો અપરાધ દર રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઘણો વધુ છે.
- ગુજરાતમાં દરરોજ એસસી/એસટી (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટિઝ) એક્ટ હેઠળ ત્રણથી વધુ કેસ નોંધવામાં આવે છે.
- સજાનો દર (કન્વિકશન રેટ) ૬ ટકાથી નીચે છે. એ હકીકત પરથી પ્રશાસનનું વલણ કેવું છે તે સ્પષ્ટ થાય છે. (રાષ્ટ્રીય કન્વિકશન રેટ ૩૬ ટકા છે) જ્યારે અદાલતોમાં પડતર કેસોની ટકાવારી ૯૯ ટકા છે.
- સમયસર પોલીસ કાર્યવાહી અને સહાય લાંબાગાળે સુરક્ષાનો માહોલ સર્જવામાં મદદરૂપ થશે. દુઃખદ વાત એ છે કે રાજ્ય સરકારે બીજો રસ્તો અપનાવવાનું પસંદ કર્યું છે.

### જમીનનાં અધિકારો પર સુયોજિત તરાપ :

- ભાજપ સરકારે કોર્પોરેટ ગૃહોને એકરોની એકર જમીન સાવ નજીવા દરે ફાળવી દીધી છે. સાથે સાથે સરકારે દલિતો, આદિવાસીઓ અને અન્ય ઉપેક્ષિત સમુદાયોના જમીન અધિકારો છીનવી લીધા છે.
- ઐતિહાસિક જમીન અધિગ્રહણ કાયદા-૨૦૧૩ને સાવ હળવો કરી દેવાયો છે. સુધારેલાં કાયદાનાં કારણે બિઝનેસ ગૃહો માટે જમીનનું હસ્તાંતરણ વધુ સરળ બન્યું છે.
- કોંગ્રેસ સરકાર હેઠળ શરૂ કરાયેલ જમીન પુર્નવિતરણ હાલ શિતાગારમાં મૂકી દેવામાં આવ્યું છે.
- માત્ર વિરોધ અને સક્રિય કાર્યવાહી બાદ કેટલાંક ગણ્યાંગાઠ્યાં જમીન વિહોણા પરિવારોને માલિકીહક્કના ટાઈટલ્સ પ્રાપ્ત થયા છે.


# ૧૪. મહિલાઓની કથળતી સ્થિતિ

## દરજ્જા અને તકોનો અભાવ :

- વર્ષોથી ચાલતા ભાજપના ગેરશાસને મહિલાઓ માટે રોજગારની તકો ખતમ કરી નાખી છે.
- ગુજરાતમાં ફીમેલ લેબર કોર્ટ પાર્ટિસિપેશન રેટ (એલએફપીઆર) ૧૩ ટકા છે, જ્યારે પુરુષોનો એલએફપીઆર ૭૫ ટકા છે.
- યુવાન મહિલાઓમાં બેરોજગારીનો દર ૨૭ ટકા છે.
- તેના પરિણામો આર્થિક ગેરવ્યવસ્થાપનને લીધે મોટાભાગની મહિલાઓને ઘરે બેસી રહેવાની ફરજ પડી છે.
- જીવન વીમો ધરાવતી મહિલાઓના સંદર્ભમાં તુલના કરતા ગુજરાત નીચેના ક્રમેથી પાંચ રાજ્યોમાં સ્થાન ધરાવે છે.

## ગુજરાત પાછલા ક્રમે :

## વીમાકૃત મહિલાઓના હિસ્સાના સંદર્ભમાં નીચલા ક્રમે રહેલા પાંચ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો



| રાજ્ય/કેન્દ્રશાસિત | કુલ પોલીસી કેન્દ્રશાસિત ધારકોમાં પ્રદેશ મહિલાઓનો હિસ્સો (%) |
|---|---|
| દિવ, દમણ દાદરા અને નગર હવેલી | ૧૯ |
| લદ્દાખ | ૨૨ |
| હરિયાણા | ૨૭ |
| ગુજરાત | ૨૭ |
| જમ્મુ-કાશ્મીર | ૨૭ |
| અખિલ ભારતીય સરેરાશ | ૩૨ |

*(સ્રોત : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)*

## મહિલાઓ વિરુદ્ધ અપરાધો :

ગુજરાતમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધોના સર્વાધિક કિસ્સાઓ છે. દરરોજ મહિલાઓ વિરુદ્ધ અપરાધોના ૨૦ થી વધુ કેસ નોંધાય છે. ગુજરાતમાં :

- દર મહિને અપહરણના ૭૩થી વધુ કેસ.
- દર મહિને બળાત્કારના ૪૯થી વધુ કેસ.
- દર મહિને છેડતી કરવાનાં ઈરાદે મહિલાઓ પર હુમલાના ૫૬ કેસ.

## ગુજરાતમાં ખાસ કરીને નાના બાળકો અપરાધોના ભોગ બને છે :

- ૨૦૨૧માં પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ (પીઓસીએસઓ) એક્ટ હેઠળ ૨૪૦૦થી વધુ કેસ નોંધાયા હતા.

- ચિંતાજનક વાત એ છે કે, દર મહિને પીઓસીએસઓ હેઠળ ગુજરાતમાં બાળકો પર બળાત્કારના ૧૭૧થી વધુ કેસ નોંધાય છે. લાપત્તા મહિલાઓના કેસોની બાબતમાં ટોપ ટેન રાજ્યોમાં ગુજરાત ટોચ પર છે. ૨૦૧૬થી ૨૦૧૮ દરમિયાન ૨૪,૦૦૦થી વધુ મહિલાઓ લાપત્તા બની છે. મહિલાઓ વિરુદ્ધ અપરાધોની પીડિતાઓને ન્યાય મળવામાં ભાગ્યે જ કોઈ આશા છે.
- સજાનો દર માત્ર પાંચ ટકા છે.
- અદાલતમાં પડતર કેસોની ટકાવારી ૯૭.૪ ટકા છે.

### બિલ્કિસ બાનો કેસમાં અપરાધીઓને માફી :

- એક આઘાતજનક ઘટનામાં સરકારે બિલ્કિસબાનો કેસમાં બળાત્કાર અને હત્યા માટે સજા પામેલા ૧૧ અપરાધીઓને કાયમી રીતે છોડી મૂકવાનો નિર્ણય કર્યો છે.
- આ અપરાધીઓને છોડી મૂકવા માટે સરકારે સ્થાપિત નિયમો અને પ્રણાલીની ઉપેક્ષા કરી છે. આ નિર્ણયથી મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે ભાજપ અને તેની ચિંતાનો પર્દાફાશ થઈ ગયો છે.

### સ્વાસ્થય અને શિક્ષણની ઘોર ઉપેક્ષા :

સરકારે મહિલાઓના કલ્યાણની ઉપેક્ષા કરી છે. તમામ વયજૂથની મહિલાઓમાં માંદગી અને નબળાઈ વધુ જોવા મળે છે.

- ૨/૩ મહિલાઓ બીમાર અને નિર્બળ છે.
- ૧૦ મહિલાઓમાંથી સાત મહિલા બીમાર હોય છે.
- ૨૦૧૫ અને ૨૦૨૦ વચ્ચે આ સ્થિતિમાં વધારો થયો છે.

ઉચ્ચત્તર શિક્ષણ પર જેન્ડર પેરિટી ઈન્ડેક્ષની (લૈંગિક સમાનતા આંક) બાબતમાં સૌથી ખરાબ રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થાય છે. ઉચ્ચત્તર અને માધ્યમિક શિક્ષણ વર્ગોમાં મહિલાઓનો કુલ પ્રવેશ રેશિયો રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણો નીચો છે. ઉચ્ચત્તર માધ્યમિક વર્ગો માટે ફીમેલ જીઈઆરમાં ગુજરાતનો ક્રમ ૩૦મો છે.

## ૧૫. કોમવાદી રાજનીતિ :

### લઘુમતી બાબતોના મંત્રાલયનું અસ્તિત્વ જ નથી :

ગુજરાત એવા કેટલાંક દુર્લભ રાજ્યોમાંનું એક છે જ્યાં લઘુમતી બાબતોનું મંત્રાલય જ અસ્તિત્વમાં નથી. આ મંત્રાલયની રચના કરવા માટે ઘણાં લાંબા સમયથી માગણી થઈ રહી છે, પરંતુ સરકારે તેના પર કોઈ ધ્યાન આપ્યું નથી.

### રાજ્ય લઘુમતી પંચ પણ નથી :

ગુજરાત સરકાર રાજ્ય લઘુમતી પંચની રચના કરવામાં નિષ્ફળ રહી છે.

### બજેટની સાવ ઓછી ફાળવણી :

- લઘુમતી કલ્યાણ માટેનું બજેટ કોઈ પણ જાતના ખુલાસા વગર ઘટાડી દેવાયું છે.
- સરકારે વકફ બોર્ડને કોઈ પણ જાતની નાણાકીય સહાય આપવાનો ઈન્કાર કર્યો છે.
- લઘુમતી કલ્યાણ માટે ફાળવાયેલી ગ્રાન્ટ્સ વણવપરાયેલી રાખવામાં આવી છે.

### સરકારમાં પણ પ્રતિનિધિત્વ નહીં :

- સરકારમાં મુસ્લિમ સમુદાયનું કોઈ પ્રતિનિધિત્વ હોતું નથી.
- ગત ચૂંટણીમાં ભાજપે એક પણ મુસ્લિમ ઉમેદવારને ઊભા રાખ્યા નહોતા.

### કોમી અથડામણો :

સરકારે અસામાજિક તત્ત્વોને છૂટો દોર આપ્યો છે. મોટા તહેવારો દરમિયાન કોમી અથડામણોની અનેક ઘટનાઓ બની છે.

## ૧૬. ખેડૂતો સાથે છેતરપિંડી :

હવે દેખીતી રીતે સ્પષ્ટ થઈ ગયું છે કે ભાજપ સરકાર ખેડૂત-વિરોધી છે. સરકારે ત્રણ કૃષિ કાયદાઓ ઘડ્યા હતા જેની સામે દેશવ્યાપી આંદોલનો થયા હતા. આખરે સરકારને આ કાયદા પાછા ખેંચવાની ફરજ પડી હતી. ભાજપ સરકાર હેઠળ ખેડૂતોની આવક કાં તો સ્થિર થઈ ગઈ છે. અથવા ઘટી ગઈ છે. ખેડૂતોને તેમના પાક બદલ પર્યાપ્ત ભાવ મળતા નથી. હજારો નિરાશ ખેડૂતોએ આત્મહત્યા કરી લીધી છે.

### ખેતીમાંથી આવક-પ્રતિ દિન રૂ.૩૨ :

- ૨૦૧૮-૧૯માં ગુજરાતી ખેડૂતની ખેતીમાંથી સરેરાશ આવક પ્રતિદિન માત્ર રૂ.૩૨ રહી હતી.
- આ આવક મનરેગા વેતનથી અથવા તો બાંધકામ ક્ષેત્રમાં દૈનિક રોજમદારની આવકથી ઘણી ઓછી અને નીચી છે.

### સૌથી ઓછું કૃષિ વેતન :

- ગુજરાતમાં કૃષિ વેતન સમગ્ર દેશ કરતાં સૌથી ઓછું છે.
- ૨૦૨૦-૨૧માં ગુજરાતમાં સરેરાશ વેતન દર રૂ.૨૧૩ હતો જ્યારે રાષ્ટ્રીય દર રૂ.૩૧૦ હતો.
- ગુજરાતમાં વાસ્તવિક વેતનો ઘટી રહ્યાં છે. ઊંચો ખાધ અને સામાન્ય ફુગાવાના સમયે વેતનોમાં ૪ ટકાથી પણ ઓછો વધારો થયો છે.

### જંગી દેવું :

- આવક નહીં થતાં ખેડૂતો વધુ દેવાદાર બન્યાં છે.
- લગભગ ૪૩ ટકા કૃષિ પરિવારો દેવાદાર છે.
- પ્રતિ પરિવાર દેવાની સરેરાશ બાકી-લેણી નીકળતી રકમ રૂ.૫૬,૫૬૮ છે.

### દરરોજ નવ આત્મહત્યા :

- ઓછી આવક અને જંગી દેવાના કારણે ઘાતકી સંયોજનની સ્થિતિ સર્જાઈ છે.
- ૨૦૨૧માં દૈનિક રોજમદારો અને કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો દ્વારા ૩૩૩૨ આત્મહત્યાની ઘટનાઓ બની હતી. આ ગણતરીએ દરરોજ સરેરાશ નવ આત્મહત્યાઓ થઈ હતી.
- આ નિષ્ઠુર સરકાર પાસે ખેડૂતો અને શ્રમિકોને કોઈ આશા બચી નથી.

## ઓછો એમ.એસ.પી. ભાવ વધારો :

મોદી સરકારના શાસનકાળ દરમિયાન લઘુત્તમ સમર્થન મૂલ્ય એટલે એમ.એસ.પી.ના ભાવમાં બહુ ઓછો વધારો જોવા મળ્યો છે. આ ખરીફ મોસમમાં એમ.એસ.પી.માં ૫ ટકા જેટલો સાવ ઓછો વધારો થયો હતો. જ્યારે ફુગાવાનો દર વધી રહ્યો છે ત્યારે એમ.એસ.પી.ના ભાવમાં આટલો સાવ ઓછો અને નજીવો વધારો ખેડૂતોના ભવિષ્ય માટે નુકસાનકારક છે.

| પાક | ૨૦૨૧-૨૨ની સિઝનમાં એમ.એસ.પી.નો વધારો |
|---|---|
| ડાંગર (સામાન્ય) | ૫ ટકા |
| ડાંગર (ગ્રેડ-એ) | ૫ ટકા |
| જુવાર (હાઈબ્રિડ) | ૮ ટકા |
| જુવાર (માલદંડી) | ૮ ટકા |
| બાજરો | ૪ ટકા |
| રાગી | ૬ ટકા |
| મકાઈ | ૫ ટકા |
| તુવેર | ૭ ટકા |
| મગ | ૭ ટકા |
| અડદ | ૫ ટકા |
| મગફળી | ૫ ટકા |
| સૂર્યમુખી બીજ | ૬ ટકા |
| સોયાબિન પીળા | ૯ ટકા |
| તલ | ૭ ટકા |
| કાળા તલ | ૫ ટકા |
| કપાસ (મધ્યમ) | ૬ ટકા |
| કપાસ (લાંબો) | ૬ ટકા |

આમ એમ.એસ.પી.માં સાવ નજીવો વધારો થયો છે, તો તેની સામે ડીઝલ, ખાતર અને જંતુનાશકોના ભાવમાં ઉછાળો આવ્યો છે. દર મોસમમાં યુરિયા અને ખાતરોની તંગી ઊભી થાય છે. જેના કારણે તેના બજારભાવમાં ઉછાળો આવે છે.

## કેન્દ્રીય ખરીદીમાંથી ગુજરાતની બાદબાકી :

- ગુજરાતના ખેડૂતોને અનાજથી કેન્દ્રીય ખરીદીમાંથી કોઈ લાભ થયો નથી.
- રાજ્યમાંથી ડાંગર અને ઘઉંની ખરીદી સાવ નહિંવત્ છે.
- બાજરો અને મકાઈ બે મુખ્ય પાક છે. તેમ છતાં ૨૦૨૧-૨૨માં માત્ર મકાઈના ૧૪૮ ખેડૂતો અને બાજરાના ૩૦૬૩ ખેડૂતોને ફાયદો થયો છે.
- ૨૦૧૪ અને ૨૦૨૦ દરમિયાન ગુજરાતમાં મકાઈની કોઈ ખરીદી કરાઈ નહોતી.

### પીએમ ફસલ બીમા યોજનાથી ગુજરાતના ખેડૂતોને કોઈ લાભ થયો નથી, તેના બદલે વીમા કંપનીઓ સમૃદ્ધ બની છે :

- અનિયમિત ચોમાસુ અને ગરમીનાં મોજાના કારણે દેશભરમાં ખેતીના પાકોને નુકસાનમાં તીવ્ર વધારો થયો છે.
- ખેડૂતોને એવી આશા હતી કે પીએમ ફસલ બીમા યોજનાથી (પીએમએફબીવાય) તેમનું નુકસાન ઓછું થશે, પરંતુ સખેદ જણાવવાનું કે પીએમએફબીવાયથી માત્ર વીમા કંપનીઓને ફાયદો થયો છે.
- ૨૦૧૯-૨૦માં ખેડૂતોને પ્રીમિયમ તરીકે રૂ.૪૬૮ કરોડ ચૂકવ્યા હતા જ્યારે સરકારે બાકીના પ્રીમિયમ પેટે રૂ.૩૬૦૦ કરોડ ચૂકવ્યા હતા.
- વીમા કંપનીઓએ માત્ર રૂ.૧૧૨ કરોડના દાવાની ચૂકવણી કરી છે.
- પ્રીમિયમ અને દાવાની ચૂકવણીની રકમ વચ્ચે જે મોટો તફાવત રહેલો છે તે બતાવે છે કે આ યોજનાથી માત્ર વીમા કંપનીઓને જ જંગી ફાયદો થયો છે.
- ૨૦૨૦માં રાજ્ય સરકારે પીએમએફબીવાય સ્થગિત કરી હતી અને અલગ યોજના શરૂ કરી હતી.

### લમ્પી રોગ સંક્રમણ :

- લમ્પી ત્વચા રોગ સંક્રમણના કારણે ડેરી ખેડૂતોને ભારે નુકસાન ભોગવવું પડ્યું છે.
- ૧.૭ લાખ કરતાં વધુ પશુઓ લમ્પીથી પ્રભાવિત થયા છે અને સંક્રમણ બાદ ૬૦૦૦ કરતાં વધુ પશુઓ મોતને ભેટ્યા છે.

### વીજ તંગી :

- સરકાર ખેડૂતો માટે નિયમિત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ રહી છે.
- ખેડૂતોને વારંવાર વીજ તંગીનો સામનો કરવો પડતો હોવાથી ખેડૂતો અપાર મુશ્કેલી અને અગવડતામાં મૂકાયા છે.

### દૂધ ઉત્પાદનમાં ગુજરાત કરતાં મધ્યપ્રદેશ આગળ

- ૨૦૧૬-૧૭માં દૂધ ઉત્પાદનમાં ગુજરાત કરતાં મધ્યપ્રદેશ આગળ નીકળી ગયું હતું.
- ભાજપના શાસન હેઠળ દૂધ સહકારી મંડળીઓ રાજકીય રંગે રંગાઈ ગઈ છે. તેમનું ધ્યાન ખેડૂતોને મદદ કરવા ઉપર નહીં, પરંતુ હોદ્દાઓ હડપવા પર વધુ છે.
- ૨૦૧૨-૧૩થી ૨૦૧૯-૨૦ દરમિયાન રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં દૂધ ઉત્પાદનમાં અનુક્રમ ૮૩ અને ૯૪ ટકાનો વધારો થયો હતો જ્યારે ગુજરાતમાં દૂધના ઉત્પાદનમાં માત્ર ૪૮ ટકા જેટલો જ વધારો થયો હતો.

## ૧૭. કાયદો અને વ્યવસ્થા છિન્નભિન્ન :

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા છિન્નભિન્ન સ્થિતિમાં છે. અપરાધની ઘટનાઓમાં તીવ્ર વધારો થયો છે અને સરકાર તમામ નાગરિકો માટે સલામત અને સુરક્ષિત જીવન સુનિશ્ચિત કરવાની પોતાની ફરજમાંથી ઊણી ઉતરી છે.

### અપરાધોમાં વધારો- બીજા નંબરનો સર્વાધિક અપરાધી દર :

- ગુજરાતમાં ૨૦૧૯ અને ૨૦૨૧ વચ્ચે અપરાધની ઘટનામાં ૭૦ ટકાનો વધારો થયો છે.
- ગુજરાતનો કોગ્નિઝેબલ ક્રાઈમ્સનો રેટ ૧૦૪૪ છે, જે રાજ્યોમાં બીજા નંબરનો સર્વાધિક દર છે.

## ગેરકાયદે આલ્કોહોલ અને ડ્રગ્સ ઉદ્યોગ :

- ગેરકાયદે શરાબ-દારૂનો ધંધો રાજ્યમાં ફૂલીફાલી રહ્યો છે. દર વર્ષે લઠ્ઠાકાંડમાં અનેક લોકોની જિંદગીઓ હોમાઈ રહી છે.
- ૨૦૨૧માં શરાબ અને કેફી દ્રવ્યો (ડ્રગ્સ) સંબંધિત કાયદા હેઠળ ૨,૮૦,૦૦૦ કરતા વધુ કેસો નોંધાયા હતા.
- મુન્દ્રા બંદર ડ્રગ્સના ધંધાનું મુખ્ય મથક તરીકે ઊભરી આવ્યું છે. છેલ્લા કેટલાંક મહિનાઓમાં આ બંદર વિસ્તારમાંથી કરોડો રૂપિયાની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું છે.

## ગુજરાત એટીએસ દ્વારા ઝડપાયેલું ડ્રગ્સ :




| વર્ષ | કેસ | ઝડપાયેલ નાર્કોટિક્સનો જથ્થો (કિલોમાં) | કિંમત કરોડમાં | ધરપકડ કરાયેલ આરોપી | વિદેશી નાગરિકોની ધરપકડ |
|---|---|---|---|---|---|
| ૨૦૨૦ | ૧ | ૩૫ | ૧૭૫ | ૬ | ૬ |
| ૨૦૨૧ | ૪ | ૨૯૨.૨૩૬ | ૧,૪૬૧.૧૮ | ૩૬ | ૧૪ |
| ૨૦૨૨ | ૬ | ૭૧૭.૩ | ૩,૫૮૬.૫ | ૨૧ | ૧૯ |

*(સ્રોત : ટાઈમ્સ ઓફ ઇન્ડિયા)*

## મહિલાઓ વિરુદ્ધ અપરાધો :

ગુજરાતમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધની વધુ ઘટનાઓ ઘટી છે. દરરોજ મહિલાઓ વિરુદ્ધ અપરાધના ૨૦થી વધુ કેસ નોંધાય છે. રાજ્ય સરકાર દ્વારા નિર્ભયા ફંડનો યોગ્ય ઉપયોગ થતો નથી. ૨૦૧૬-૧૭ અને ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાતને આ ફંડ હેઠળ રૂ.૨૧૭ કરોડ ફાળવવામાં આવ્યા હતા, પરંતુ માત્ર રૂ.૧૭૭ કરોડ ખર્ચવામાં આવ્યા હતા.

## લાપત્તા વ્યક્તિઓ :


- લાપત્તા મહિલાઓના કેસમાં ટોપ-૧૦ના રાજ્યોમાં ગુજરાત ટોચ પર છે. ૨૦૧૬ અને ૨૦૧૮ દરમિયાન ૨૪,૦૦૦ કરતા વધુ મહિલાઓ લાપત્તા થઈ છે.
- આજ સમયગાળા દરમિયાન ૪૬૨૫ બાળકો લાપત્તા છે.

# ગુજરાતની ભાજપ સરકાર સામે
# કોંગ્રેસનું તહોમતનામું

## દલિતો અને આદિવાસીઓ વિરુદ્ધ અત્યાચારો :

- અનુસૂચિત જાતિઓ વિરુદ્ધ રાજ્યનો અપરાધ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે.
- ગુજરાતમાં એસસી/એસટી (પ્રીવેન્શન ઓફ એટ્રોસિટીઝ) એક્ટ હેઠળ દરરોજ ત્રણ કેસ કરતાં વધુ કેસ નોંધાય છે.
- અનુસૂચિત જાતિઓ વિરુદ્ધના કેસોમાં સજાનો દર ૬ ટકાથી નીચે (રાષ્ટ્રીય સજાનો દર ૩૬ ટકા છે) અને કોર્ટમાં પડતર કેસોની ટકાવારી ૯૦ ટકા એ હકીકત પ્રશાસનનું આ બાબતે કેવું વલણ છે તે દર્શાવે છે.
- અનુસૂચિત જનજાતિ વિરુદ્ધ અપરાધની ઘટનાઓમાં ૨૦૨૦ અને ૨૦૨૧ દરમિયાન ૧૭ ટકાનો વધારો થયો છે.
- આદિવાસી ક્ષેત્ર જંગી ચીટ ફંડ કૌભાંડનું કેન્દ્ર બની ગયું છે.
- અસંખ્ય ફાઈનાન્સ કંપનીઓ વિરુદ્ધ કાર્યવાહી નહીં કરીને ભાજપે નિર્દોષ નાગરિકોને કૌભાંડના શિકાર બનવા દીધા અને તેમની મૂલ્યવાન બચતને આ રીતે ગુમાવવા દીધી છે.

## સાયબર અપરાધો અને આર્થિક અપરાધો :



Covid strain: Guj logs sixfold rise in murders in 2 yrs

Reasons Include Tiffs Over Kids Fighting, Lack Of Parking Space

THE TOP 10 REASONS

| Motive | 2019 | 2020 | 2021 |
|---|---|---|---|
| Petty quarrel | 38 | 7 | 245 |
| Personal vendetta | 273 | 167 | 187 |
| Love affair | 147 | 170 | 179 |
| Family dispute | 128 | 2 | 93 |
| Money dispute | 30 | 78 | 80 |
| Illicit relationship | 49 | 61 | 54 |
| Blind murder/ without motive | 94 | 66 | 49 |
| Property land dispute | 131 | 3 | 39 |
| Gain | 55 | 13 | 17 |
| During dacoity/ robbery | 23 | 10 | 16 |

THE MOTIVES

- Petty quarrels led to 245 murders. These constitute nearly 25% of 1,010 cases reported in 2021
- A total of 187 murders took place over personal vendetta and 179 over love affairs
- Murders over property disputes dropped from 131 in 2019 to 39 in 2021
- In 49 cases of murder reported in 2021, motive was not found. Such cases decreased from 94 in 2019 and 66 in 2020

NCRB REPORT

3 murders a day in state; most victims in 30-45 age group

Dowry, abetment of suicide cases up

589 RAPE CASES IN 2021

Complaints of rash driving down in state

2,060 cases of child rape under Pocso

- રાજ્યમાં સાયબર અપરાધીઓ અતિ સક્રિય છે. એકલા મે-૨૦૨૦માં ગુજરાતીઓને સાયબર અપરાધીઓએ રૂ.૭ કરોડ કરતા વધુનો ચૂનો લગાડ્યો છે.
- ૨૦૨૦ અને ૨૦૨૧ દરમિયાન આર્થિક અપરાધોમાં ૨૭ ટકાનો વધારો થયો છે.
- ૨૦૨૦માં ગુજરાતમાં નકલી ચલણની જપ્તીમાં ટોપ ત્રણ રાજ્યોમાં ગુજરાત પણ ઊભરી આવ્યું હતું.

### નકલી ચલણની જંગી જપ્તી :

| વર્ષ | જપ્તીની સંખ્યા | મૂલ્ય (રૂપિયામાં) | એફઆઈઆર | ધરપકડો |
|---|---|---|---|---|
| ૨૦૧૭ | ૮૦,૫૧૯ | ૯ કરોડ | ૭૧ | ૯૦ |
| ૨૦૧૮ | ૨૮,૮૫૫ | ૧.૨૩ કરોડ | ૬૭ | ૫૮ |
| ૨૦૧૯ | ૪૪,૫૮૦ | ૩.૭૭ કરોડ | ૮૨ | ૧૧૪ |
| ૨૦૨૦ | ૨૭,૯૩૪ | ૨.૩૪ કરોડ | ૨૩ | ૩૨ |

*૨૦૨૦માં ટોપ સ્ટેટ્સ (સ્રોત : એનસીઆરબી)*



| રાજ્ય | જપ્ત કરાયેલ નોટો | મૂલ્ય (રૂપિયામાં) |
|---|---|---|
| મહારાષ્ટ્ર | ૩૮,૬૬૪ | ૨.૬૩ કરોડ |
| પ.બંગાળ | ૩૫,૫૧૪ | ૪.૩૧ કરોડ |
| ગુજરાત | ૨૭,૯૩૪ | ૨.૩૪ કરોડ |
| આસામ | ૨૧,૪૩૦ | ૧.૦૩ કરોડ |
| ઉત્તરપ્રદેશ | ૧૮,૪૮૯ | ૩૪.૦૧ લાખ |

જપ્તી (નોટના મૂલ્ય પ્રમાણે) :

| વર્ષ | રૂ.૨૦૦૦ | રૂ.૧૦૦૦ | રૂ.૫૦૦ (જૂની) | રૂ.૫૦૦ (નવી) |
|---|---|---|---|---|
| ૨૦૧૭ | ૩૦,૬૫૮ | ૧૬,૭૪૨ | ૨૧,૮૦૫ | ૧૦૪ |
| ૨૦૧૮ | ૨૭૨૨ | ૧૬૮૮ | ૨૨૯૭ | ૪,૬૨૨ |
| ૨૦૧૯ | ૧૪,૪૯૪ | ૨,૭૦૯ | ૨,૫૫૨ | ૫,૫૫૮ |
| ૨૦૨૦ | ૨,૪૬૭ | ૧૪૨ | ૮૪ | ૫,૩૮૪ |

*(સ્રોત : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)*

## ૧૮. મનરેગાનું બિન-અમલીકરણ અને કામદારોનું શોષણ :

મનરેગા ગ્રામીણ વિસ્તારોમાં ક્રાંતિકારી પુરવાર થઈ છે. આ યોજનાના પગલે લાખો ગ્રામીણ પરિવારો ગરીબીમાંથી બહાર આવ્યા છે. ભાજપ સરકારે મનરેગા પ્રત્યે ઉદાસીન વલણ અપનવ્યું હતું. કોવિડ-૧૯ મહામારી બાદ નોકરી ગુમાવનારા અને શહેરોમાંથી પોતાના વતન તરફ હિજરત કરી જવાની જેમને ફરજ પડી હતી એવા લોકો માટે મનરેગા જીવનરક્ષક તરીકે ઊભરી આવી હતી.

### અમલ કર્યો નહીં :

- મનરેગા હેઠળ ગુજરાતમાં ૪૭ લાખ પરિવારો નોંધાયેલા છે.
- આ નાણાકીય વર્ષમા ૭૦૦૦થી ઓછા પરિવારોએ ખાતરીબદ્ધ ૧૦૦ દિવસની કામગીરી પૂર્ણ કરી હતી.
- ૧૪૨૦૦ પંચાયતોમાંથી ઓક્ટોબર ૨૯ સુધી ૯૪૦૮ પંચાયતોએ શૂન્ય વ્યક્તિ મનરેગા માટે રિપોર્ટ કરી હતી.
- રોજગાર નહીં સર્જનારી ગ્રામ પંચાયતો પરિવારોને કાર્યની માગણી કરવામાંથી પ્રોત્સાહિત કરતી નથી.

### વિલંબિત ચૂકવણી :

- કામદારોને સમયસર વેતન મળતાં નથી. કાયદા હેઠળ કામદારોને ૧૫ દિવસની અંદર વેતન ચૂકવવા જોઈએ. જો કે વેતનની ચૂકવણીમાં સારો એવો વિલંબ થાય છે.
- કામદારો પણ ઓછા વેતનની ફરિયાદ કરે છે.
- સરકારે ઉછળતા ફુગાવાના સમયે વેતનમાં માત્ર રૂ.૧૦ (૪.૩૭ ટકા)નો વધારો કર્યો છે.

## ૧૯. શ્રમ કાયદાઓ હળવા કરાયાં :

ગુજરાત ભારતનું એક સૌથી મોટા ઔદ્યોગિક રાજ્યોમાંનું એક છે. ૨૦૧૫-૧૬ ૩૩ લાખ કરતાં વધું મધ્યમ અને લઘુકક્ષાના સાહસો હતાં. જેમાં ૬૧ લાખ કામદારોને રોજગાર મળતાં હતાં. ૨૦૧૮-૧૯માં રાજ્યમાં ફેક્ટરી કામદારોની સંખ્યા ૧૫ લાખ જેટલી હતી. આટલી મોટી સંખ્યા હોવા છતાં ઔદ્યોગિક કાયદાઓની સ્થિતિમાં સુધારો થયો નથી.

- કામદારોને કોઈ પણ જાતની પર્યાપ્ત સામાજિક સુરક્ષા હેઠળ આવતી લેવામાં આવતા નથી.
- સરકારે ઔદ્યોગિક ગૃહોની તરફેણ કરી છે અને કામદારોના હિતની ઉપેક્ષા કરી છે.
- મે-૨૦૨૦માં કામદારો જ્યારે મહામારીની પ્રથમ લહેર સામે સંઘર્ષ કરી રહ્યાં હતાં ત્યારે સરકારે એવી જાહેરાત કરી હતી કે નવા ઔદ્યોગિક એકમોને ત્રણ શ્રમ કાયદા સિવાય તમામ શ્રમ કાયદામાંથી ૧૨૦૦ દિવસ માટે મુક્તિ અપાશે.
- ત્યારબાદ ભાજપે ઔદ્યોગિક એકમોને રાજ્ય સરકારની મંજૂરી વગર કામદારોને નોકરીએ રાખવા અને તેમની હકાલપટ્ટી કરવાની મંજૂરી આપી હતી. ૩૦૦ કે તેથી ઓછા કામદારો ધરાવતા ઔદ્યોગિક એકમો હવે પોતાની મરજી મુજબ કામદારોની છટણી કરી શકે છે.
- ગુજરાત સરકારે ઉદ્યોગોને કેટલાંક કિસ્સાઓમાં ઓવરટાઈમ ચૂકવવામાંથી પણ મુક્તિ આપી હતી. જોકે નામદાર સુપ્રીમ કોર્ટે આ નિર્ણયને રદબાતલ ઠરાવ્યો હતો.
- જો ભાજપ પર છોડવામાં આવ્યું હોત તો ઉદ્યોગોને વધારાના કલાક માટે કોઈ પણ જાતનો ઓવરટાઈમ ચૂકવ્યા વગર કામદારોને ગુજરાતમાં ૧૨ કલાક કામ લેવા દીધા હોત.
- સરકારે કામદારોને આ રીતે ઔદ્યોગિક ગૃહોની દયા પર છોડી દીધા હતા.
- રાજ્યમાં ઓછા વેતન કામદારોના હિતને નુકસાન પહોંચાડે છે. સુરતમાં ઓછા વેતનથી કામદારો નોકરી છોડીને ચાલ્યા ગયા બાદ હિરા ઉદ્યોગને સહન કરવાનું આવ્યું હતું.
- ફેક્ટરી, બાંધકામ સ્થળો અને ઔદ્યોગિક સંસ્થાનોમાં કામદારો વંચિત અને ઉપેક્ષિત સમુદાયમાંથી આવે છે. સરકારે તેમના અધિકારોને સુરક્ષિત કરવા સક્રિય બનવું જોઈએ.

## ૨૦. સરકારી કર્મચારીઓ સાથે દુર્વ્યવહાર :

ભાજપ સરકારે સરકારી કર્મચારીઓ સાથે હંમેશા અણગમા સાથે વ્યવહાર કર્યો છે.

- સરકારી કર્મચારીઓ જૂની પેન્શન યોજનાનો (ઓપીએસ) અમલ કરવાની માગણી કરી રહ્યાં છે. રાજસ્થાન અને છત્તીસગઢની કોંગ્રેસ શાસિત સરકારોએ ઓપીએસનો સફળતાપૂર્વક અમલ કર્યો છે. જોકે ભાજપે આ મામલે ઝુકવાનો ઈન્કાર કર્યો છે.
- સપ્ટેમ્બરમાં હજારો કર્મચારીઓ પોતાનો વિરોધ નોંધાવવા સામુહિક સીએલ પર ઉતર્યા હતા.
- વિરોધ બાદ સરકારે સાતમાં પગાર પંચ હેઠળના તમામ ભથ્થાઓની ચૂકવણી કરવાની જાહેરાત કરી હતી.

- અગાઉ મોંઘવારી ભથ્થુ પણ સમયસર ચૂકવવામાં આવ્યું નથી. વિલંબિત ચૂકવણીએ કર્મચારીઓની જિંદગીનું એક નિયમિત પાસું બની ગયું છે.
- સરકાર સામે સવાલ ઉઠાવવાની હિંમત કરનારા નિવૃત્ત પદાધિકારીઓ સામે સરકારે કનડગત અને કિન્નાખોરીનો આશ્રય લીધો છે.
- સરકારે હવે કોન્ટ્રેક્ટ પર રોજગાર અને ભરતીના આઉટસોર્સિંગ પર આધાર રાખ્યો છે. કોન્ટ્રેક્ટ હેઠળના રોજગારમાં નિયમિત સરકારી નોકરીની જેમ રોજગાર-સુરક્ષા અને સમાન લાભ આપવામાં આવતા નથી.

## ૨૧. પંચાયતી રાજ પ્રણાલીનો ધ્વંસ :

- બંધારણના ૭૩માં સુધારા અન્વયે ગ્રામસભાને સ્વશાસનના એકમ તરીકે કાર્ય કરવાની સત્તા અને અધિકાર બક્ષે છે.
- તેના કારણે લોકતંત્ર સુદૃઢ થયું છે અને લોકોને પોતાના જીવનને સ્પર્શતા નિર્ણયોમાં વાચા આપવાનો અધિકાર મળે છે. ભાજપે આ લાભને ઊલટાવી નાખ્યો છે અને ગ્રામસભાના અધિકારો પર તરાપ મારી રહ્યા છે.
- ૧૪,૦૦૦ કરતાં વધુ પંચાયતો જાણે હવે અમલકર્તા એજન્સીઓ બનીને રહી ગઈ છે.
- ગુજરાતના ઘણાં આદિવાસી તાલુકાઓમાં પંચાયત (એક્ષટેન્શન ટુ શિડયૂલ્ડ એરિયાઝ) એક્ટ, ૧૯૯૬ (પેસા) હેઠળ ગ્રામસભાની સ્વાયત્ત સત્તાઓ હળવી કરી નાખવામાં આવી છે. આ પ્રોજેક્ટસના ભાગરૂપે જે સર્વે કાર્ય હાથ ધરવામાં આવે છે તે ગ્રામસભાઓને જાણ કર્યા વગર ખાનગી રાહે કરવામાં આવી રહ્યું છે.

# ભાજપ સર્જિત આપત્તિઓ

અત્યાર સુધી વિશ્વભરમાં માનવી બે પ્રકારની આપત્તિઓનો ભોગ બનતો આવ્યો છે. એક કુદરતી આપત્તિ અને બીજી માનવ સર્જિત આપત્તિ, પરંતુ છેલ્લા અઢી દાયકાથી ગુજરાતના પ્રજાજનો એક ત્રીજી ભાજપ સર્જિત આપત્તિનો ભોગ બની રહ્યા છે. મોરબીના ઝુલતા પુલની દુર્ઘટના તેનો તાજો જ નમુનો છે. મોરબી દુર્ઘટનામાં ૧૩૬ થી વધુ લોકોએ જીવ ગુમાવવા પડ્યા તેના માટે માત્ર અને સીધી રીતે ભાજપ અને તેના મળતિયાઓ જવાબદાર છે તે તો હવે સાવ સ્પષ્ટ થઈ ગયું છે.

આ પહેલા પણ, બાળકો માટે મેળા જેવા ઉત્સવોમાં મોજ માણવાની રાઈડ્સને પણ ભારતીય જનતા પક્ષે મોજના બદલે મોતની રાઈડ્સ બનાવી દીધી છે, એ આપણે જાણીએ છીએ. તાજેતરમાં જ અમદાવાદ શહેર સહિત નવનિર્મિત

# ગુજરાતના મોરબીમાં કેબલ પુલ તૂટ્યો



કે સમારકામ બાદ શરુ કરાયેલા પુલ પર ગાબડાં પડવાના અનેક કિસ્સાઓ નોંધાયા છે. ટ્યુશન ક્લાસીસમાં કે હોસ્પિટલમાં ફાયર સેફ્ટીની ચકાસણીના અભાવે અનેક બાળકો, દર્દીઓ ગુજરાતમાં મૃત્યુ પામ્યા છે. આવી અનેક બેદરકારીપૂર્ણ દુર્ઘટનાઓમાં ગુન્હેગારોને છાવરવામાં નિપુણ ભાજપ સરકાર દુર્ઘટનામાં પણ એ જ કરી રહી છે. ભાજપના ભ્રષ્ટાચારનું આ PPP મોડેલ છે જેમાં ગુન્હાહીત બેદરકારી વ્યાપ્ત છે. મોરબીની દુર્ઘટના એ ભાજપના ભ્રષ્ટાચારની દેણ છે, જેમાં માનવીની જિંદગીનું કોઈ જ મૂલ્ય નથી.

# અમદાવાદમાં નિર્માણાધીન ફ્લાયઓવર ધરાશાયી થયો




પ્રકાશક : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
પ્રત : ૦૦૦૦ મુદ્રક : -----------